RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે દૈનિક

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ • વર્ષ: ૧૩ • અંક: ૮૨ • તારીખ: ૦૧-૦૭-૨૦૨૫,મંગળવાર• પાના : ૪ • કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા • Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://abdailynews.com

## બ્રહ્મોસથી પણ ઘાતક અને ૮ હજાર કિમીની રેન્જ ધરાવતી મિસાઈલનું પરીક્ષણ કરશે ભારત





ભારત બ્રહ્મોસથી પણ ઘાતક અને ૮૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી K-6 હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કરવા માટે તૈયાર છે. આ મિસાઈલ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા બનાવાઈ છે. રિપોર્ટ મુજબ ભારત આ મિસાઈલને જી-૫ ક્લાસની પરમાણુ સબમરીનમાં તહેનાત કરી શકે છે. ઈન્ટરકૉન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ K6ની સ્પીડ અને રેન્જની વાત કરીએ તો તે બ્રહ્મોસ મિસાઈલથી પણ ખતરનાક છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, વિશ્વમાં માત્ર પાંચ દેશો પાસે જ આવી મિસાઈલ છે.

હૈદરાબાદ સ્થિત ડીઆરડીઓમાં બની રહેલી K-6 મિસાઈલ ભારતની સૌથી ઘાતક મિસાઈલોમાંથી એક છે. K-6ની ખાસીયત એ છે કે, તેને પરમાણુ સબમરીનથી લોન્ચ કરી શકાશે. આ મિસાઈલ S-5 ક્લાસની પરમાણુ સબમરીનથી લૉન્ચ કરી શકાશે અને તે અરિહંત ક્લાસની સબમરીનથી મોટી અને વધુ શક્તિશાળી હશે. તેની સ્પીડ એક કલાકમાં ૯૨૦૦ કિલોમીટર છે. તેની ઓપરેશનલ રેન્જ ૮૦૦૦ કિલોમીટર છે. એટલે કે તે થોડીક જ મિનિટોમાં દુશ્મનના વિસ્તારમાં ઘૂસી ખાતમો કરી શકશે. હાઈપરસોનિક સ્પીડ હોવાના કારણે મિસાઈલ મોટાભાગની એન્ટી-મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને ચકમો આપી શકશે અને દુશ્મનને પણ વળતો જવાબ આપવાનો સમય નહી મળે. મિસાઈલની સૌથી મોટી ખાસીયત 'મલ્ટીપલ ઈન્ડિપેન્ડેટલી ટાર્ગેટિબલ રી-એન્ટ્રી વ્હીકલ ટેકનોલોજી' છે. એટલે કે ટાર્ગેટ ગમે ત્યાં ભાગે, ગમે ત્યાં જાય, પરંતુ K-6 મિસાઈલ તેને છોડશે નહી. આ ટેકનોલોજીથી એક જ મિસાઈલ અનેક ટાર્ગેટ પર ખાતરીપૂર્વક હુમલો કરી શકે છે. પરમાણુ અને ટ્રેડિશનલ બંને પ્રકારના વારહેડ કેરી કરી શકતી આ મિસાઈલનો ઉપયોગ વિવિધ પરિસ્થિતિઓમાં સરળતાથી કરી શકવાની પણ ક્ષમતા છે. હાલ ભારત પાસે ૩૫૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી K-4 અને ૬૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી K-5 બેલેસ્ટિક મિસાઈલ છે. આ બંને મિસાઈલ સબમરીથી લોન્ચ કરી શકાય છે. જોકે K-6 બંને મિસાઈલોનું અપગ્રેડેડ વર્જન છે.

K-6 મિસાઈલની સ્પીડ અને વિનાશકારી ક્ષમતા બ્રહ્મોસ મિસાઈલથી પણ ખતરનાક છે. તેની લંબાઈ ૧૨ મીટરથી વધુ અને પહોંળાઈ બે મીટરથી વધુ છે. આવી એડવાન્સ હાઈપરસોનીક અને MIRV-ઈક્વિવડ મિસાઈલ સિસ્ટમ માત્ર કેટલાક દેશો પાસે છે અથવા તો તેઓ બનાવી રહ્યા છે. જે દેશો પાસે આવી મિસાઈલ છે, તેમાં અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગ્ડમનો સમાવેશ થાય છે, તેથી K-6 મિસાઈલ બનાવનાર ભારત પણ તેમાં સામેલ થવાની તૈયારીમાં છે.

## બંધારણના એક પણ શબ્દને હાથ લગાવ્યો તો..., કોંગ્રેસ પ્રમુખ ખડગેની RSSને ચેતવણી




RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ તાજેતરમાં બંધારણની પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા શબ્દો દૂર કરવાની વાત કરી હતી. હોસબોલેના આ નિવેદન બાદ દેશમાં રાજકીય ખળભળાટ વધ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, જો બંધારણના કોઈપણ શબ્દને પણ અડ્યા છો તો કોંગ્રેસ તેનો સખત વિરોધ કરશે અને છેલ્લા શ્વાસ સુધી લડશે.બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતાં. તેમણે કહ્યું કે તેઓ ગરીબો અને નબળા વર્ગોને આગળ વધવા દેવા માંગતા નથી. તેઓ હજારો વર્ષ જૂની વ્યવસ્થા જાળવી રાખવા માંગે છે. એટલા માટે તેમને સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને બંધારણના મુખ્ય સિદ્ધાંતો પસંદ નથી. આ ફક્ત હોસબોલેના વિચાર નથી, પરંતુ સમગ્ર RSSની વિચારધારા છે.

દત્તાત્રેય હોસબોલેએ તાજેતરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે બંધારણના મૂળ પ્રસ્તાવનામાં આ શબ્દો મૂક્યા નહોતા. આ શબ્દો કટોકટી દરમિયાન ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે દેશમાં મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા અને સંસદ કાર્યરત ન હતી.

## ટિકિટ કેન્સલ કરાવવા પર નહીં થાય નુકસાન! મુસાફરોને મોટી રાહત આપવાની તૈયારીમાં રેલવે

ભારતીય રેલવે હવે કેન્સલ કરાયેલી ટિકિટ પર મોટી રાહત આપવાની તૈયારીમાં છે. હાલમાં જો ટિકિટ બુક કરવામાં આવે છે અને તે વેઈટિંગ લિસ્ટમાં દેખાઈ રહી છે અને તેને કેન્સલ કર્યાબાદ સંપૂર્ણ રિફંડ મળતુ નથી. તેનું કારણ એ છે કે રેલવે ક્લાર્ક ફી તરીકે ચાર્જ કાપે છે. આ ચાર્જ અલગ-અલગ ક્લાસ અનુસાર ૩૦થી ૬૦ રૂપિયા સુધીનો હોય છે. આનાથી મુસાફરોને બેવડો ઝટકો લાગે છે. એક તરફ તેમની ટિકિટ કન્ફર્મ થતી નથી, તો બીજી તરફ રિફંડ પણ પૂર્ણ મળતુ નથી. હવે આવી પરિસ્થિતિથી લોકોને બચાવવા માટે રેલવે આ ચાર્જને ખતમ કરવાનું વિચારી રહી છે. જો આવું થાય તો જો મુસાફરોની વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો તેમને સંપૂર્ણ રિફંડ મળશે. અહેવાલો અનુસાર, કેન્સલ કરાયેલી ટિકિટ પર ચાર્જ અંગે ઘણાં સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. આ ચાર્જ ટ્રેનના ક્લાસ અનુસાર ૩૦થી ૬૦ રૂપિયા સુધીનો હોય છે. મુસાફરો ઘણીવાર ફરિયાદ કરે છે કે જે ટિકિટ ખુદ કેન્સલ કરતા નથી અને વેઈટિંગ લિસ્ટમાં હોવાને કારણે કેન્સલ કરવામાં આવે છે તેના માટે રેલવે શા માટે ચાર્જ લે છે. હવે આ ચાર્જ ખતમ કરવાનો પ્રસ્તાવ રેલવ વિભાગ સમક્ષ મૂકવામાં




આવ્યો છે, હવે આ અંગે વિચારણા કરવામાં આવી રહ્યો છે. હાલમાં, ૨જી ક્લાસની કેન્સલ કરાયેલી ટિકિટ પર ૩૦ રૂપિયા ચાર્જ વસૂલવામાં આવે છે. સ્લીપર ક્લાસ માટે ચાર્જ ૬૦ રૂપિયા છે અને થર્ડ એસી સહિત અન્ય તમામ પર ૬૦ રૂપિયા પ્લસ GST વસૂલવામાં આવે છે. જો વેઈટલિસ્ટ ટિકિટ કન્ફર્મ ન થાય, તો ટિકિટ કેન્સલ કરવાની પ્રક્રિયા ઓટોમેટેડ થાય છે અને ક્લાર્ક ચાર્જ સિવાયના કેટલાક અન્ય ચાર્જ બાદ કરીને રકમ પરત કરવામાં આવે છે. નોંધનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૫માં રેલવે રેકોર્ડ ૨.૭ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ વધારો માલવાહક ટ્રેનો અને પેસેન્જર ટ્રેનોમાંથી થયો છે. આ ઉપરાંત રેલવે મુસાફરોની સંખ્યામાં પણ વધારો થયો છે. રેલવે વિભાગને માલવાહકથી ૧.૭૫ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે. જ્યારે મુસાફરોની સંખ્યા ૭૩૫ કરોડ રૂપિયા થઈ છે.

## વિદેશોમાં વસતા ભારતીયોએ રેકોર્ડબ્રેક ૧૧.૫૯ લાખ કરોડ સ્વદેશ મોકલ્યા, આઠ વર્ષમાં આંકડો બમણાંથી પણ વધુ

વિદેશમાં વસતાં નોન રેસિડન્ટ ઈન્ડિયન્સ દ્વારા ભારત મોકલવામાં આવતું રેમિટન્સ રૅકોર્ડ સ્તરે વધ્યું છે. ગત નાણાકીય વર્ષમાં ભારતમાં ૧૩૫.૪૬ અબજ ડૉલર (રૂ. ૧૧.૬૦ લાખ કરોડ)નું રેમિટન્સ મોકલવામાં આવ્યું છે. જે એનઆરઆઇ દ્વારા ભારત મોકલવામાં આવતાં નાણા પ્રવાહની અત્યારસુધીની રૅકોર્ડ ટોચ છે. છેલ્લા એક દાયકામાં વૈશ્વિક સ્તરે ભારતમાં રેમિટન્સનું પ્રમાણ સતત વધી રહ્યું છે.આરબીઆઇ દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલા બેલેન્સ ઑફ પેમેન્ટ્સના આંકડાઓ અનુસાર, એનઆરઆઇ દ્વારા મોકલવામાં આવતું રેમિટન્સનું પ્રમાણ ગતવર્ષે ૧૪ ટકા વધ્યું છે. જે એક દાયકામાં ૨૦૧૬-૧૭માં ૬૧ અબજ ડૉલરની તુલનાએ લગભગ બમણાથી વધ્યું છે.



આરબીઆઇના આંકડાઓ અનુસાર, ૩૧ માર્ચના અંતે પૂર્ણ થતાં નાણાકીય વર્ષમાં કુલ ચાલુ ખાતામાં રોકાણ પ્રવાહ કુલ ૧ લાખ કરોડ ડૉલર નોંધાયો હતો. જેમાં રેમિટન્સનો હિસ્સો ૧૦ ટકા રહ્યો હતો. આરબીઆઈના સ્ટાફ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં જાણવા મળ્યું કે, ભારતમાં મળતું રેમિટન્સ સામાન્ય રીતે ભારતના એફડીઆઇ રોકાણ કરતાં વધુ રહ્યું છે. રેમિટન્સ એ બાહ્ય ફંડિંગ રૂપે સ્થિર સ્રોત રહ્યું છે. આ રેમિટન્સ ભારતની વેપાર ખાધમાં ઘટાડો કરવા મદદરૂપ બને છે. દેશની કુલ વેપાર ખાધ ૨૮૭ અબજ ડૉલરનો ૪૭ ટકા હિસ્સો રેમિટન્સમાંથી મળ્યો હતો.

વર્લ્ડ બૅન્કના આંકડાઓ અનુસાર, વૈશ્વિક સ્તરે ૨૦૨૪માં રેમિટન્સ પેટે આવક મેળવવામાં ભારત અગ્રણી રહ્યું છે. મેક્સિકો ૬૮ અબજ ડૉલર સાથે બીજા ક્રમે અને ચીન ૪૮ અબજ ડૉલર સાથે ત્રીજા ક્રમે રહ્યું છે. જે દર્શાવે છે કે, ભારતનો મોટાભાગનો કુશળ કામદાર વર્ગ અમેરિકા, યુકે, અને સિંગાપોર જેવા વિકસિત દેશોમાં સ્થાયી થઈ રહ્યો છે.રેમિટન્સ વાસ્તવમાં એ રકમ છે, જે વિદેશમાં રહેતાં લોકો પોતાના વતન મોકલે છે. વિદેશમાં વસતા ભારતીયો દ્વારા ભારત મોકલવામાં આવતી કમાણી ભારતના રેમિટન્સ તરીકે ઓળખાય છે. IMFની વ્યાખ્યા (૨૦૦૯) અનુસાર, રેમિટન્સને બે કેટેગરીમાં વહેંચવામાં આવે છે. એક કમ્પેનસેશન ઓફ એમ્પ્લોયીઝ અને બીજુ પર્સનલ ટ્રાન્સફર.. ભારતમાં પર્સનલ ટ્રાન્સફર અર્થાત પોતાના ઘરે કમાણી મોકલવામાં NRI અવ્વલ છે. દેશના કુલ રેમિટન્સમાં પર્સનલ ટ્રાન્સફરનો હિસ્સો વધુ હોય છે.

## સરકારે જીએસટી કલેક્શનમાં પાંચ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, અત્યાર સુધીની સૌથી વધુ કમાણી

જીએસટી લાગુ થયા પછીથી સરકારી તિજોરીમાં સતત વધારો થઈ રહ્યો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં સરકારે રેકોર્ડ બ્રેક જીએસટી કલેક્શન કર્યું હતું. આ સાથે સરકારની તિજોરીમાં ટેક્સ મારફત થતી કમાણી પાંચ વર્ષમાં બમણાથી વધી છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારનું જીએસટી કલેક્શન બમણાથી વધ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે, આગામી વર્ષોમાં જીએસટી કલેક્શનમાં વધુ વધારો જોવા મળી શકે છે.




કુલ જીએસટી કલેક્શન પાંચ વર્ષમાં બમણું થઈ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૨.૦૮ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧.૩૭ લાખ કરોડ રૂપિયા હતું. ૨૦૨૪-૨૫માં જીએસટી કલેક્શન અગાઉના વર્ષની તુલનાએ ૯.૪ ટકા વધ્યું હતું. આ કલેક્શન પાંચ વર્ષમાં વાર્ષિક ધોરણે લગભગ બમણું થયું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં માસિક ધોરણે સરેરાશ રૂ. ૧.૮૪ લાખ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયુ હતું. જે ૨૦૨૩-૨૪માં રૂ. ૧.૬૮ લાખ કરોડ અને ૨૦૨૧-૨૨માં રૂ. ૧.૫૧ લાખ કરોડ હતું. નિષ્ણાતોના મતે, આગામી વર્ષોમાં માસિક ધોરણે સરેરાશ રૂ. ૨ લાખ કરોડ જીએસટી કલેક્શન નોંધાવાની શક્યતા છે.જીએસટી હેઠળ નોંધાયેલા કરદાતાઓની સંખ્યા ૨૦૧૭માં ૬૫ લાખ હતી. જે આઠ વર્ષમાં ૧.૫૧ કરોડથી વધી છે. છેલ્લા આઠ વર્ષના કરદાતાઓની સંખ્યા પર નજર કરીએ તો જીએસટીના અમલીકરણ બાદ કરદાતાઓની સંખ્યા સતત વધી છે. સાથે સાથે જીએસટી કલેક્શન પણ વધ્યું છે. પરોક્ષ કરવેરા પ્રણાલી વધુ કાર્યક્ષમ અને પારદર્શક બની છે. ૨૦૨૪-૨૫માં જીએસટી કલેક્શન અત્યારસુધીનું સૌથી વધુ રૂ. ૨૨.૦૮ લાખ કરોડ નોંધાયું છે. જે વાર્ષિક ધોરણે ૯.૪ ટકા વધ્યું છે.

## તંત્રી લેખ...

### રેપો રેટમાં ઘટાડો છતાં લોનમાં મંદ વૃદ્ધિઃ ધિરાણ વધારવા બેન્કોને સૂચના

૧૩ જૂનના સમાપ્ત થયેલા પખવાડિયામાં દેશના બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિની સરખામણીએ થાપણ વૃદ્ધિ વધુ જોવા મળી છે. રેપો રેટમાં કરાયેલા ઘટાડા છતાં ધિરાણમાં વધારો નહી થયો હોવાનું ધ્યાનમાં રાખી નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ધિરાણ વધારવા બેન્કોને સૂચન કર્યું છે.૧૩ જૂનના પખવાડિયામાં થાપણ વૃદ્ધિનો દર વાર્ષિક ધોરણે ૧૦.૪૦ ટકા રહ્યો હતો જ્યારે થાપણ વૃદ્ધિનો દર ૯.૬૦ ટકા રહ્યો હતો. વર્તમાન વર્ષના મે મહિનાથી ધિરાણમાં એક અંકી વૃદ્ધિ જોવા મળી રહી છે.

ધિરાણ કરતા થાપણ વૃદ્ધિ ઊંચી રહેતા થાપણથી ધિરાણનું પ્રમાણ ઘટી ૭૭.૮૦ ટકા રહ્યું હતું જે એક વર્ષ અગાઉ ૭૯.૪૦ ટકા રહ્યું હતું. દરમિયાન રિઝર્વ બેન્કે રેપો રેટમાં કરેલા ઘટાડાને ધ્યાનમાં રાખી નાણાં પ્રધાન નિર્મલા સીતારામને બેન્કોને ધિરાણ વધારવા પ્રયાસો કરવા સૂચના આપી હતી. જાહેર ક્ષેત્રની બેન્કોની કામગીરીની શુક્રવારે યોજાયેલી સમીક્ષા બેઠક વખતે નાણાં પ્રધાન તરફથી આ સૂચના અપાઈ હોવાનું નાણાં મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.૩૦મી મેના પખવાડિયામાં બેન્કોની ધિરાણ વૃદ્ધિ ૮.૯૭ ટકા સાથે ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા બાદ તે સતત એક અંકમાં જ જોવા મળી રહી છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરીથી રિઝર્વ બેન્કે રેપો રેટમાં એકંદરે એક ટકો ઘટાડો કર્યો છે. એટલું જ નહી નાણાં વ્યવસ્થામાં ભરપૂર લિક્વિડિટી પણ પૂરી પાડવામાં આવી છે. ઊભરી રહેલા વ્યવસાયીક ક્ષેત્રોને ઓળખી કાઢવા તથા ઉત્પાદન ક્ષેત્રમાં કોર્પોરેટ ધિરાણ વધારવા પર નાણાં પ્રધાને ભાર મૂક્યો હતો.

# દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ દ્વારા સન્માન સમારોહ યોજાયો



કિરણસિંહ ચાવડા - દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ દ્વારા સતત બીજા વર્ષે વિદ્યાર્થી સન્માન ડો. બાબા સાહેબ આંબેડકર એ શતાબ્દી પૂર્વે આપેલ સૂત્ર શિક્ષિત બનો, સંઘર્ષ કરો અને સંગઠિત થાવ ની સાર્થક અમલવારી કરવાના ઉદ્દેશથી આયોજિત સમારોહમાં દાહોદ જિલ્લાના ૯ તાલુકાના વિસ્તારમાં વસતા ધોરણ ૧૦ થી કોલેજ કક્ષાની પરીક્ષા પાસ કરનાર રમત અને ઉત્તર શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સિદ્ધિ મેળવેલ ૧૫૨ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ વર્ષ ૨૪ - ૨૫ માં નિવૃત્ત થયેલ કર્મચારી, બઢતી ,નિમણૂક મેળવેલ કર્મચારીઓ અને ચાલુ વર્ષમાં જેને નોટરીનો પરવાનો મળ્યો છે તેવા વકીલ શ્રી ઓ ચાલુ વર્ષે તાલુકા સભ્ય તરીકે ચૂંટાયેલ સભ્યશ્રી નો અભિવાદન નો કાર્યક્રમ દાહોદના લોકલાડીલા સાંસદ જશવંતસિંહ ભાભોર ના અધ્યક્ષ સ્થાને તેમજ મુખ્ય મહેમાન પદે ગોધરાના મામલતદાર મનોજ મિશ્રા અને દાહોદ ના R.C.H.O. ડો. અશોક ડાભી, તથા વિનોદભાઈ રાજગોર તેમજ દાહોદના કાઉન્સિલર ચંદ્રકાંતાબેન ધાનકા, મંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા અને મંત્રી કિરણસિંહ ચાવડાન ની ઉપસ્થિતિમાં શ્રીકૃષ્ણ પ્રણામી જમણવાડી પંકજ સોસાયટી દાહોદ ખાતે યોજવામાં આવ્યો હતો. સ્વાગત પ્રવચન અનુસૂચિત જાતિ કેળવણી મંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા એ કર્યું હતું, તેમણે મંડળની પ્રવૃત્તિઓની સમજ આપી હતી.આજે ધોરણ ૧૦ ના ૮૯ ધોરણ ૧૨ ના ૫૦ અને કોલેજના ૨૩ મળી કુલ ૧૫૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૧૦ માં પ્રથમ ગુજરાત બોર્ડ થી ખાંગુડા તન્વીબેન વિજયકુમાર ફતેપુરા, ૯૩.૮૩ ટકા સાથે તથા CBSE બોર્ડમાં નવાગામના જાટવા ભાર્ગવી નરેન્દ્ર ભાઈ ૯૬.૯૭ ટકા સાથે જિલ્લામાં પ્રથમ રહ્યા હતા. જ્યારે ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહમાં ચોસાલા ની પ્રિયંકા બેન દિનેશભાઈ બામણીયા ૮૨.૫૭ ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં CBSE દાહોદની શ્રુતિ જેંતીલાલ ચાવડા ૮૯ ટકા સાથે પ્રથમ રહી તેઓનું માન્ય સાંસદ સભ્યશ્રીના હસ્તે શિલ્ડ ,પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત થતા કર્મચારી મકવાણા દિનેશ ભાઈ, ખાંગુડા દિપસિંગભાઈ, સોલંકી કાંતિભાઈ સોલંકી, વજેસિંહ ભાઈ, ભૂનાતર સાગરબેન, સોલંકી વલ્લભભાઈ અને સોલંકી રમેશભાઈ નું તેમજ પ્રમોશન લીધેલ કપાસીયા પ્રજ્ઞેશકુમાર અને ચાવડા મેહુલકુમાર તથા ચાવડા ઉષાબેન નું,તથ નવી નિમણૂક પામેલ પરમાર પારૂલબેન અને સોલંકી જયશ્રીબેન, એડવોકેટ નોટરીયન સોલંકી હિતેશભાઈ તાલુકા સભ્ય ગદાઈ રમણભાઈ ને માન્ય સંસદ સભ્યશ્રીએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી બોલતા સાંસદ જશવંતસિંહ ભાભોર સાહેબે જણાવ્યું કે વિદ્યાર્થીઓ ખૂબ ભણી આગળ વધી સમાજનું નામ રોશન કરે, ડો. બાબા સાહેબ આંબેડકરે ચિંતેલા માર્ગે આગળ વધો અને સમાજની સેવા કરો તથા કર્મચારીઓને સમાજ સેવા માટે સહયોગ, યોગદાન આપવા માટે જણાવ્યું હતું. મામલતદાર શ્રી મનોજ મિશ્રાએ વિદ્યાર્થીઓનું શીખ આપતા કહ્યુંકે મારા જેવા અનેક મામલતદારો, કલેકટરશ્રીઓ અને સેક્રેટરી કક્ષાના અધિકારીઓ બનશો તો મને આનંદ થશે તેવું કહ્યું હતું . આ પ્રસંગે સાંસદ શ્રી એ સ્વાગત ગીત રજુ કરનાર ડો. આંબેડકર આશ્રમશાળા ઉકરડીની બાળાઓને ૧૧૦૦/ રૂપિયા આપ્યા ,તેમજ સ્ટેજના વિવિધ મહાનુભવોએ પણ રોકડ રકમ આપીને બાળાઓને પ્રોત્સાહિત કરી હતી. દાહોદ જિલ્લામાંથી સમાજ કર્મશીલો એ પોતાની યથાશક્તિ મુજબ ખર્ચને પહોંચી વળવા માટે મદદ કરી હતી જે કુલ ૨૮૦૦૦/ જેટલી હતી.

આ પ્રસંગે દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ કારોબારી સભ્યશ્રીઓ તાલુકાના પ્રમુખશ્રીઓ મંત્રીશ્રીઓ સર્વશ્રી ઉપ-પ્રમુખ દેવચંદભાઈ પરમાર, બીજા ઉપપ્રમુખ વિજયભાઈ પીઠાયા, ભરતભાઈ શ્રીમાળી મગનભાઈ જાટવા, લીમખેડા ના બી.આર.સી કો. ઓર્ડીનેટર અને મંત્રી ઋષિભાઈ ચલાણીયા, મંડળના પ્રમુખ કિરણભાઈ બારીયા, દેવગઢ બારીયા થી મંડળના ખજાનચી કનુભાઈ મકવાણા, ગરબાડા થી મંડળના પ્રમુખ પ્રવીણભાઈ ચાવડા મંત્રી ભરતભાઈ કાંચિલા, ઉપપ્રમુખ અલ્કેશ ચાવડા દાહોદના પ્રમુખ ચંદ્રકાંત ગાંધી, મંત્રી નરેશભાઈ ચાવડા, ગ્રામ્ય મંત્રી નરેશભાઈ મકવાણા, ફતેપુરાના પ્રમુખ શાંતિલાલ સિસોદિયા મંત્રી સંત શ્રી મગનદાસ સાહેબ ઝાલોદ ગ્રામ્યના પ્રમુખ અજયભાઈ કપાસિયા, લીમડી ના નિવૃત્ત પીએસઆઇ કનુભાઈ સોલંકી, સંજેલીના મહેશભાઈ રળોતી, તેમજ વાલીઓ ,સમાજના આગેવાનો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા .

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળના મંત્રી કિરણસિંહ ચાવડાએ કર્યું હતું. -અખંડ ભારત

# મગજને ઘણું શીખવો પણ હૃદયને અભણ રાખો, નહીં તો તમે તમારી લાગણીઓની પણ ગણતરી કરવા લાગી જશો

(અંક નંબર ૩૮૧)

મારગ ભૂલ્યાનો મને ઘેરે ઉચાટ
સૂરજ ન ચાંદો ના અગ્નિ પ્રકાશ
ત્યારે વાણી અજવાળે મારી વાટ

વાણીની જ્યોતિએ અનહદ ઉકલતું
છે વાણીના મૂળે ૐકાર
નાદબ્રહ્મમાંહે સમાયો છે શબ્દબ્રહ્મ
શીવ ડમરું સઘળાંનો સાર
એમાંથી પ્રગટેલી વાણીના અજવાળે
અર્થોના ઉકલતા ઘાટ
મારી વાણી અજવાળે મારી વાટ

શબ્દોના દીવામાં વાણીની વાટ
એમાં રેલે અર્થોનો અજવાસ
માળાના મણકામાં મંત્રોનું ઉચ્ચારણ
વાણીમાં મેલ્યો વિશ્વાસ
મારી વાણી અજવાળે મારી વાટ

ડો. તુષાર શુક્લ સાહેબ ......આપની રચના આપના (જન્મ દિવસ ૨૯/૬) માટે સમર્પણ.....

મિત્રો, માણસ ધારદાર કે પ્રતિભાશાળી એમ જ નથી બનતો વ્હાલા, એને છોલવામાં એના જ શુભેચ્છકોની કામગીરી લાજવાબ હોય છે. "ધારદાર અને પ્રતિભાશાળી માણસ ઠગ નથી હોતો. વ્યક્તિમાં જેટલી વધુ પ્રતિભા હશે, તેટલો જ તે સ્વચ્છ રહેશે. પ્રતિભાને કોઈ યુક્તિઓની જરૂર નથી. જેમની પાસે પ્રતિભા નથી તેમને કપટની જરૂર છે. કારણ કે તે પોતાની પ્રતિભાની ઉણપને યુક્તિઓથી પૂરી કરે છે. કપટી કદાપિ પ્રતિભા ના હોઈ શકે".

"આપણે અંદરથી જ જાતે વિકાસ કરવો પડશે, કોઈ આપણને શીખવી શકશે નહીં, કોઈ તમને આધ્યાત્મિક બનાવી શકશે નહીં, તમારા પોતાના આત્મા સિવાય બીજો કોઈ ગુરુ નથી".

"આપણે ફક્ત યુદ્ધ જ જીતવું નથી, આપણે ફક્ત શાંતિ જ જીતવી નથી, આપણે સંસ્કૃતિ જીતવી છે, આપણે વિજ્ઞાન જીતવું છે, આપણે નીતિ જીતવી છે, આપણે માનવ સ્વતંત્રતા અને ગૌરવ જીતવું પડશે".

આ વિધાન માનવ સભ્યતા પર એક ગહન દ્રષ્ટિકોણ રજૂ કરે છે. તે ફક્ત યુદ્ધ કે શાંતિમાં વિજય પર ધ્યાન કેન્દ્રિત કરતું નથી, પરંતુ સંસ્કૃતિ, વિજ્ઞાન, નીતિ અને માનવ સ્વતંત્રતા અને ગૌરવ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વિજય પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ વિધાન મૂળભૂત રીતે એવું કહેવા માંગે છે કે આપણે ફક્ત ભૌતિક શક્તિ કે શાંતિપૂર્ણ સમાધાનોથી સંતુષ્ટ ન રહેવું જોઈએ. આપણે આપણી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું જોઈએ, વૈજ્ઞાનિક જ્ઞાન વધારવું જોઈએ અને નૈતિક સિદ્ધાંતોને મજબૂત બનાવવા જોઈએ. સાથે મળીને, આપણે માનવ સ્વતંત્રતા અને ગૌરવનું રક્ષણ કરી શકીએ છીએ અને એક વધુ સારી દુનિયાનું નિર્માણ કરી શકીએ છીએ.

ટૂંકમાં, આ નિવેદન વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ અને માનવ કલ્યાણ માટે શું જરૂરી છે તેનું વ્યાપક દ્રષ્ટિકોણ રજૂ કરે છે.

જ્યારે તમે આ વિશ્વાસ રાખો છો કે બ્રહ્માંડમાં પ્રકૃતિ અને માનવતા સાથે સંતુલન જાળવવા માટે એક ખાસ પ્રકારની મહાન વ્યવસ્થા છે, ત્યારે તમે દૈવીકૃપાને સમજવાનો પ્રયાસ કરશો.

કુદરતી ન્યાય, સત્યતા અને અહિંસા નો અભ્યાસ કર્યા પછી તમને લાગશે કે તે મહાન સર્જક પ્રભુ તમારા વ્યક્તિગત પ્રિય ગુરુ બન્યા છે. જે પ્રાર્થના અને ધ્યાન દ્વારા તમને વાતચીત કરી શકે છે. એ સાચું છે કે તમે ભગવાનને દબાણ કરી શકતા નથી, ભગવાનને સૂચવી શકતા નથી અથવા ભગવાનને ફરિયાદ કરી શકતા નથી જેમ કે આવું કેમ થયું, મારી સાથે કેમ?, આવુંજ કેમ થયું? બીજી રીતે કેમ નહીં? વગેરે પરંતુ હા, આપણે અને આપણા ભગવાન બધા એકસાથે સાક્ષી છીએ અને ભગવાન તમને યોગ્ય સમયે કેટલાક અવતરણો, ચર્ચા, સમાચાર, સ્વપ્ન અથવા ફક્ત ધ્યાન દ્વારા સમજાવશે.

માનવતા, પ્રાણીઓ અને છોડમાં વિવિધતા શૂન્ય અર્થમાં પ્રકૃતિને સંતુલિત કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભગવાન દરેક વ્યક્તિ સાથે જાગૃતિ અને અદ્રશ્ય તત્વો સાથે જોડાયેલા છે. વિશ્વ પર્યાવરણમાં એક ટ્રસ્ટ અને ગેરંટી તરીકે કે પરમાત્મા બધા જટિલ શારીરિક, આરોગ્ય, અંગો, કુટુંબ, સમાજ, નોકરી, મનોરંજન અને સમય સાથે પ્રગતિનું સંચાલન કરીને પ્રેમાળ બનાવી શકે છે.

"આપણામાં આવતી સમજણજ આપણને ઈસુ અને બુદ્ધ બનાવે છે. આ સમજણ આધ્યાત્મિકતાનો મુખ્ય પાયો છે અને પછીથી ધાર્મિકતામાં થોડી મજબૂત બને છે".

ભગવાન સંપૂર્ણ સર્જક છે, પરંતુ જો કેટલાક લોકોને દુઃખ આવે છે, તો તેનું કારણ કુદરતના નિયમોના શૂન્ય ભાગને ટેકો આપવો તે છે કે જ્યાં કાયદા હંમેશા તર્કસંગત દ્રષ્ટિએ કાર્ય કરે છે. જો આપણે કોઈપણ કારણોસર કુદરતી નિયમો સાથે સંતુલન જાળવી શકતા નથી, તો દુઃખ શક્ય છે. આપણે અનુભવી શકીએ છીએ કે સાચા અને ખોટા, સારા અને ખરાબ પ્રસંગો સામાન્ય રીતે ઘણી મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓ પાઠ લઈને આવે છે અને આપણને સુધારે છે, આપણને વધુ સારા બનાવવા માટેનો ઉછેર કરે છે.

"ક્યારેક આપણે જે રહસ્ય અનુભવીએ છીએ ત્યારે આવું "શા માટે?" એવો ઊંડો પ્રશ્ન આપણા હૃદયમાં થાય છે. તે ફક્ત વિચારવા અને વસ્તુઓ શોધવા વિશે નથી, તે આપણા આત્માની ઊંડી શોધ જેવું છે, એક રહસ્ય જે આપણને આ સમગ્ર બ્રહ્માંડ સાથે જોડાયેલા અનુભવ કરાવે છે".

મિત્રો,જીવન અને પ્રકૃતિ, તે ફક્ત એક જટિલ મશીન નથી, પરંતુ પ્રેમ, આશ્ચર્ય અને ઊંડા જોડાણોના સુંદર ઝોલ જેવું છે. બનેલી દરેક નાની વસ્તુ, દરેક પ્રાણી, દરેક ઋતુ, તે એક વાર્તા કહે છે, તે એક લાગણી દર્શાવે છે. વિજ્ઞાન સાથે આ "સંયોગો" ને જોવા પુરતું નથી. આપણે આપણા હૃદયમાં અનુભવવું જોઈએ કે આ બધું ફક્ત એટલા માટે નહીં, પરંતુ કોઈ ઊંડી દયા, કોઈ અકથિત પ્રેમને કારણે થઈ રહ્યું છે. આ પ્રેમ અને આશ્ચર્ય અનુભવવાથી, તે જ આપણને આ જીવન પ્રત્યે વધુ આભારી અને કાળજી લેવા પ્રેરિત કરે છે.

"જીવન, આપણે જાણીએ છીએ કે તે ખરેખર એક કિંમતી ભેટ જેવું છે. તે ઘણી બધી નાની-નાની અને અદ્ભુત વસ્તુઓ પર આધાર રાખે છે જે બરાબર થઈ રહી છે".

તે ફક્ત એક પછી એક ઘટના નથી, પરંતુ પ્રેમ, આશ્ચર્ય અને ખરેખર ઊંડા જોડાણના ઝોલ જેવું છે જે આપણને દરેક ક્ષણે "વાહ" કરવા મજબૂર કરે છે. મનુષ્ય આ દુનિયામાં કેવી રીતે આવે છે તેનાથી લઈને પ્રકૃતિ કેવી રીતે સંતુલિત રહે છે, ત્યાં એક લાગણી છે, એક સૂરની જેમ, જે આપણને બધાને જોડે છે અને આપણને બતાવે છે કે આ આખી સૃષ્ટિ કેટલી સુંદર છે.

જ્યારે શુક્રાણુ ઇંડાને મળે છે, ત્યારે તે ફક્ત જીવવિજ્ઞાન નથી, માણસ કે પછી પ્રકૃતિના બે પ્રેમના મિલન જેવું છે, અને એક નવી શક્યતાનો જન્મ થાય છે. આ આખી ગર્ભાધાનની વાત, તે જીવનના પહેલા ધબકારા જેવી છે, એક રહસ્ય જે આપણા હૃદયને આદરથી ભરેલું બનાવે છે.

ફળદ્રુપ ઇંડાનું વિભાજન અને નાનું બાળક બનવું, એવું લાગે છે કે ઘણા બધા કોષો આમાં અદ્ભુત નૃત્ય કરી રહ્યા છે, દરેક પગલું પ્રેમ અને સંપૂર્ણતાથી ભરેલું છે. ડીએનએ સૂચનાઓ આપે છે, તે ફક્ત રસાયણો નથી, તે જીવનની ક્યારેય ન સમાપ્ત થતી વાર્તા લખવા જેવું છે.

પરિવર્તનમાં કુદરતી રીતે ક્યારેક આપણા જનીનોમાં ફેરફારો થાય છે, અને તે ખરાબ હોઈ શકે છે, પરંતુ તે આપણને એ પણ બતાવે છે કે જીવન કેટલું મજબૂત છે અને તે કેવી રીતે બદલાઈ શકે છે. તે કુદરતની દયાળુ રીત જેવું છે, જેથી ખાતરી થાય કે જીવન ગમે તે હોય ચાલુ રહે તે અગત્યનું છે.

જ્યારે માતાપિતા તેમના બાળકોને કંઈપણ પાછું મેળવવાની ઈચ્છા રાખ્યા વિના પ્રેમ કરે છે અને તેમની સંભાળ રાખે છે, અને પછી જ્યારે બાળકો મોટા થાય છે, ત્યારે તેઓ તેમના વૃદ્ધ માતાપિતાની આભાર સાથે સંભાળ રાખે છે .આ ફક્ત આપણે કરવાનું નથી, તે એક પ્રેમ ચક્ર જેવું છે જે પરિવારોને પેઢીઓ સુધી એકસાથે રાખે છે. આ લાગણી આપણા હૃદયને ભરપૂર બનાવે છે.

"જ્યારે આપણે વૃદ્ધ થઈએ છીએ અને વધુ વસ્તુઓ ઇચ્છીએ છીએ, ત્યારે તે ફક્ત વસ્તુઓની ઇચ્છા નથી હોતી, તે જીવનને સંપૂર્ણ રીતે જીવવાની ઊંડી તરસ જેવું છે. શીખવાની, નવી વસ્તુઓ અજમાવવાની અને
અન્ય લોકો સાથે જોડાવાની કુદરતી માનવ લાગણી છે".

"જો આપણી ઇચ્છાઓ બીજાઓને દુઃખ પહોંચાડવાનું શરૂ કરે છે, ત્યારે શરમની લાગણી આપણને તેમ કરતાં રોકે છે". તે ફક્ત કોઈ સામાજિક નિયમ નથી, તે આપણી અંદરની દયા અને અન્ય લોકો માટે આદર જેવું છે જે આપણને શાંતિથી સાથે રહેવામાં મદદ કરે છે.

પૃથ્વી સૂર્યથી યોગ્ય અંતરે હોવાથી, તે ફક્ત વિજ્ઞાન નથી, તે એક આલિંગન જેવું છે જેણે જીવનને વિકાસ માટે એક સરસ જગ્યા આપી. તે બ્રહ્માંડના પ્રેમ જેવું છે જે આપણને સુરક્ષિત રાખે છે.

ઋતુઓ બદલાતી રહે છે, તે ફક્ત એક ચક્ર નથી, તે પ્રકૃતિના મધુર ગીત જેવું છે, જે દરેક વખતે નવી આશા અને ખુશી લાવે છે. ખેડૂતો ઋતુઓ પર વિશ્વાસ કરે છે, તે ફક્ત વિજ્ઞાન વિશે નથી, તે પ્રકૃતિના પ્રેમાળ વચન પર વિશ્વાસ કરવા વિશે છે.

"બધા વિવિધ પ્રકારના પ્રાણીઓ અને છોડ અને તેઓ કેવી રીતે સાથે રહે છે, તે ફક્ત એક ઇકોસિસ્ટમ નથી, તે જીવનના રંગીન શો જેવું છે, જ્યાં દરેક રંગ સુંદર અને મહત્વપૂર્ણ છે".

કુદરતનો પ્રેમ જ જીવનની દરેક રીતે સંભાળ રાખે છે. વિજ્ઞાન આપણને "કેવી રીતે" ની અદ્ભુત વાર્તાઓ કહે છે, જે જીવનના રહસ્યોના સ્તરો ખોલે છે. તે આપણને વધુ જાણવાની ઇચ્છા કરાવે છે અને આપણને આશ્ચર્યથી ભરી દે છે.એટલે જ તુષાર શુકલની એક રચના અહીં ટાંકુ છું....

"અભણ હદયની વાણી જ આપણી વાટ ને અજવાળી શકે છે"...

--- રામે.... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

## થરાદ મલુપુર રોડ પર વરસાદી પાણીનો ભરાવો: શાળાએ જતા બાળકો અને વાહનચાલકો પરેશાન



થાનાજી રાજપુત - થરાદમાં ગઈ મોડી રાત્રિએ પડેલા વરસાદને કારણે મલુપુર રોડ પર ફરી એકવાર પાણી ભરાઈ ગયા છે. આના કારણે શાળાએ જતા બાળકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.સમસ્યાનું પુનરાવર્તનઃ દર વર્ષની જેમ આ વર્ષે પણ સામાન્ય વરસાદમાં જ રોડ પર પાણી ભરાઈ જવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. મલુપુર રોડ પર પાણી ભરાવાને કારણે શાળાએ જતા બાળકોને કાદવ-પાણીમાંથી પસાર થવું પડે છે, જેનાથી તેમને શાળાએ પહોંચવામાં મુશ્કેલી પડે છે.સ્થાનિકો દ્વારા તંત્ર પાસે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માગણી કરવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં આવા સામાન્ય વરસાદથી લોકોને પરેશાની ન ભોગવવી પડે.-અખંડ ભારત

## મોમાઈપુરા નજીક મસમોટા ખાડાથી સ્થાનિક વાહન ચાલકો પરેશાન



ભાવિક મહારાજ - માણસા તાલુકા ના આવેલ વારસોડા ગામના મોમાઈપુરા વિસ્તારમાં આવેલ સુજલામ્ સુફલામ્ કેનાલ નજીક મસમોટા ખાડા અને ખખડધજ માર્ગને કારણે આ માર્ગેથી પસાર થતાં વાહન ચાલકોને સમય, ઈંધણ અને વાહનોના મેન્ટેનસને અસર થતી હોઈ તાકીદે મરામત કરવામાં આવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

## દાહોદમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો




રાકેશ રાવત - દાહોદ જિલ્લાના લોકોના પ્રશ્નો, ફરિયાદો કે રજૂઆતો સ્થાનિક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ થઈ શકે તે હેતુથી જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. જુન માસનો સ્વાગત કાર્યક્રમ કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જુન માસના સ્વાગત કાર્યક્રમમાં રસ્તા પરના દબાણ દુર કરવા , થયેલા કામના નાંણા ચુકવવા ,જમીન માપણીની નોંધ કરવા, લોન અને હિટ અન્ડ રન કેસમા વળતર સહિતના નવ અરજદારો ઉપસ્થિત રહ્યાં હતા. તમામ અરજદારોના પ્રશ્નો સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી બને તેટલા ઓછા સમયમાં ઝડપથી અરજદારોના પ્રશ્નોનો ઉકેલ લાવવા દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ.બી.નિરગૂડે દ્વારા સુચન કરાયા હતા. સાથે જ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ અને સમય મર્યાદામાં કાર્ય કરવા તંત્રના સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢા,નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.એમ.રાવલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સહિત અન્ય સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. -અખંડ ભારત

## સાબલી પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



નારણ પ્રજાપતિ - ઈડર તાલુકાની સાબલી મહાભારત પ્રાથમિક શાળા પ્રવેશોત્સવ યોજાઈ ગયો.જેમાં સબજેલ હિંમતનગરના અધિક્ષકશ્રી જે.જી.ચાવડા સાહેબ તથા મેસનના આચાર્ય ભાવેશ પટેલ, સી. આર. સી યોગેશભાઈ તથા રામાયણ અને મહાભારત પ્રા.શાળાના શિક્ષકો વાલીઓ અને બાળકો હાજર રહ્યા હતા.બાલવાટિકામાં ૯ બાળકો અને આંગણવાડીમાં ૭ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

## તલોદ તાલુકા પંચાયતના પ્રમુખે ભાટીયા ગામની લીધી મુલાકાત



રાઠોડ દિપસીહ - તલોદ તાલુકાના ભાટીયા ગામની તાલુકા પંચાયતના પ્રમુખ દશરથસિંહ ઝાલાએ મુલાકાત લઈ ગામના વિકાસના કામો અંગે ચર્ચા વિચારણા કરી હતી.આ તબક્કે ગામના સરપંચ રાઠોડ દિલુસીહ બાલુસીહ,પૂર્વ સરપંચ રાઠોડ ફતેસીહ જુગસીહ તથા રાઠોડ પરધાનસીહ બબસીહ ,તાલુકા સદસ્ય સોલંકી બાલુસીહ ઉદેસીહ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## વિનય મંદિર વૃંદાવન ખાતે પ્રેરણાત્મક સંવાદ યોજાયો



તેજલબેન ચૌહાણ - વિશ્વ મંગલમ અનેરા સંચાલિત વિનય મંદિર વૃંદાવન અને આશ્રમશાળાના સંયુક્ત ઉપક્રમે પ્રાર્થના સભાની અંદર આદરણીય શ્રી જીગ્નેશભાઈ શનિશ્વરા નું પ્રેરક ઉદબોદન શિક્ષણ સાથે જીવનનો અનુસંધાન કેવી રીતે કરવું તેની વાત કરવામાં આવી. આવેલ મહેમાનનું શબ્દોથી સ્વાગત તેમજ આંટી અને પુસ્તકથી શાળાના આચાર્યશ્રી ડી. કે પટેલ દ્વારા આવકારવામાં આવ્યા આ કાર્યક્રમના મુખ્ય મહેમાનનો પરિચય શ્રીમતી શારદાબેન અને શ્રી કનુભાઈએ આપ્યો પ્રથમ સત્રમાં દીપ પ્રાગટ્ય દ્વારા મંગલ કામના કરી કાર્યક્રમનની શરૂઆત કરવામાં આવી હતી આભાર વિધિ શ્રી ધનજીભાઈએ કરી હતી. કેમ્પસમાં કાર્યક્રમનું આયોજન કરતા શ્રીમતી શારદાબેન અને શ્રી કનુભાઈનો વૃંદાવન કેમ્પસ ખૂબ ખૂબ આભાર માને છે વિદ્યાર્થીઓના ઘડતર માટે આવા પ્રેરણાદાયક વક્તવ્યો ખૂબ જરૂરી છે.-અખંડ ભારત

## થરાદ ખાતે નવા રામજી મંદિરેથી ૩૫ મી ભવ્ય શોભાયાત્રા નિકળી



થાનાજી રાજપુત - થરાદ ખાતે શ્રીરામ સેવા સમિતિ દ્વારા ૩૫મી ભગવાન જગન્નાથની ભવ્ય શોભાયાતા નીકળી હતી જેમાં ભગવાન જગન્નાથની શોભાયાત્રા રામજી મંદિરથી નીકળી હતી જવાહર ચોક, મોચી બજાર, જૈન દેરાસર, કાજીવાસ ,જુની ગંજ બજાર ,મહાલક્ષ્મી મંદિર, જોની નગરપાલિકા ,બળીયા હનુમાન મંદિર થી પરત મંદિરે ફરી હતી આ શોભાયાત્રામાં બેન્ડ બાજા, ઘોડા, બગી, ડીજે, નાશિક ઢોલ, ઘોડા ઊંટ સહિત આ શોભાયાત્રા પ્રસ્થાનમાં સંત શ્રી રામ લખનદાસ બાપુ ચારડા , વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ ,કોંગ્રેસ જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપુત, ડી ડી રાજપૂત, પૂર્વ ધારાસભ્ય માવજીભાઈ પટેલ શૈલેષભાઈ પટેલ, પથુંસિંહ રાજપુત ,અજયભાઈ ઓઝા, જગદીશસિંહ પરમાર ,આંબાજી સોલંકી, મોગીલાલ, પટેલ,, દીપકભાઈ ઓઝા ભગવાનભાઈ જોષી, પ્રધાનજી ઠાકોર, મદનલાલ પટેલ, હાજીભાઈ પઠાણ, પ્રવીણભાઈ વરણ, જૈમિનભાઈ પ્રજાપતિ, પ્રતાપભાઈ સોની, સતારભાઈ મેમણ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને શાંતિપૂર્ણ આ શોભાયાત્રા પૂર્ણ થઇ હતી આ શોભાયાત્રાનું મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું આ શોભાયાત્રામાં અલગ અલગ જગ્યાએ ભક્તો દ્વારા આઈસ્ક્રીમા ઠંડુ પાણી છાસ શરબત સહિતના કેમ્પો કરવામાં આવ્યા હતા ભગવાન જગન્નાથની શોભાયાત્રામાં ૧૧૦ પોલીસ કર્મચારી દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેમાં (૧ )એ.એસ.પી (1)PI (૪) પીએસઆઇ પોલીસ (૬૯ )પોલીસ.(૩૫) હોમગાર્ડ જવાનો સહિત પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો તેમજ ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભગવાને મહાપ્રસાદ ચોખા ધીના (૨૦૦) કિલોના (૫૦૦૦ )હજાર લાડુનો મહાપ્રસાદ કરવામાં આવ્યો હતો અને(૪૦૦) કીલો કાકડી ૨૦૦ કિલો જાંબુ (૧૦૦) કિલો મગ સહિતનો ભગવાનને પ્રસાદ કરવામાં આવ્યો અને સમગ્ર થરાદ પંથકના ગ્રામજનોએ પ્રસાદનો લાભ લીધો હતો.-અખંડ ભારત

## અણીયાદ ચોકડી થી લુણાવાડા તરફ જતો માર્ગ થયો ખખડધજ



મોહસિન લુહાર - પંચમહાલ જિલ્લાના શહેરા વિસ્તારમાં આવેલ અણીયાદ ચોકડીથી લુણાવાડા તરફ જતો મુખ્ય હાઈવે હાલમાં ભારે ખરાબ સ્થિતિમાં છે. માર્ગ પર અનેક મોટા ખાડાઓ પડ્યા છે, જેમાં વરસાદનું પાણી ભરાઈ જવાથી વાહન ચાલકો માટે ગંભીર જોખમ ઉભું થયું છે.ખાડાઓના કારણે વાહન ચાલકોને મુસાફરી દરમિયાન પટકાવાના અને અકસ્માતનો ભય સતાવી રહયો હોઈ આ ખખડધજ માર્ગનું મરમત કરવામાં આવે તેવુ સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.-અખંડ ભારત

## સર ટી હોસ્પિટલ ખાતે એસેસમેન્ટ કાર્યક્રમ યોજાયો



વિકાસભાઈ ચોઈથાની - સર. ટી. હોસ્પિટલ ખાતે ગ્રાહક બાબતો, અન્ન, નાગરિક અને પુરવઠા, જાહેર વિતરણના કેન્દ્રીય રાજ્ય મંત્રી માન. શ્રી નિમુબેન બાંભણિયા ની વિશેષ ઉપસ્થિતિમાં ભારત સરકારની વૃધ્ધ વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત તેમજ ALIMCO ના સહયોગ થી ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃધ્ધ નાગરિકો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં વૃદ્ધોને ચાલવાની લાકડી, કાખઘોડી, વોકર, કાનનું મશીન, વ્હીલચેર, કુત્રિમ દાંત, ચશ્મા, જેલ ફોર્મ ગાડી, ધુંટણના પટ્ટા, પગની સંભાળ કીટ, એલ.એસ. બેલ્ટ, સર્વાઈકલ કોલર, વૃધ્ધો માટે ચશ્મા, સીટ સાથે ચાલવાની લાકડી, કમોડ સાથે ફોલિંગ ખુરશી જેવી જીવન ઉપયોગી વસ્તુઓનું જરૂરી પુરાવા સાથે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં શહેર અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ), મેયરશ્રી ભરતભાઈ બારડ, પૂર્વ શહેર અધ્યક્ષશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી રાજુભાઈ રાબડીયા, ડે. મેયરશ્રી મોનાબેન પારેખ, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ ગુરુમુખાણી, દંડક શ્રીમતી ઉષાબેન બધેકા, પૂર્વ શહેર મહામંત્રીશ્રીઓ, પૂર્વ શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ, શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ, શહેરના તમામ મોર્ચા -સેલના હોદ્દેદારશ્રીઓ, તમામ વોર્ડના પ્રમુખશ્રી - મહામંત્રીશ્રીઓ તથા વોર્ડ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, નાગરિક બેંકના ડિરેક્ટરશ્રીઓ, રેલ્વેસલાહકાર સમિતિના સદસ્યશ્રીઓ, ટેલીફોન એડવાઈઝરી કમિટીના સભ્યશ્રીઓ, અન્ન, નાગરિક પુરવઠા અને જાહેર વિતરણસમિતિના સદસ્યશ્રીઓ તેમજ વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.-અખંડ ભારત

## કચ્છમાં એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજાયો




કિરણભાઈ માકાણી - અંજાર તાલુકાના ખેડોઈ ગામમાં ક્ષત્રિય સમાજ વાડીમાં વિશ્વ હિન્દુ પરિષદ દુર્ગા વાહિની દ્વારા એક દિવસનું વર્ગનું આયોજન થયું હતું જેમાં પૂજ્ય સંત શ્રી રસીલાબેન ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી વર્ગ નો શુભારંભ કરવામાં આવ્યો.

વર્ગનું સંપૂર્ણ માર્ગદર્શન આશાબેન પટેલે આપ્યું હતું આ વર્ગમાં દુર્ગા વાહિની કચ્છ વિભાગના સયોજિકા રશ્મિબેન અને પૂર્વ કચ્છજિલ્લા સયોજિકા સરોજબેન દ્વારા પ્રશિક્ષણ અપાયું હતું જેમાં નિયુદ્ધ, દંડ, સમતા, બાળ સંસ્કાર કેન્દ્ર, સેલ્ફ ડિફેન્સ તેમજ રમતગમત જેવા વિવિધ વિષયોનું શિક્ષણ આપ્યું હતું તેમજ પૂર્વક કચ્છ જિલ્લામાંથી દુર્ગા વાહિની ની ૧૦૪ બહેનો ઉપસ્થિત રહી શિક્ષણ મેળવ્યું હતું. આ વર્ગની સંપૂર્ણ વ્યવસ્થા વિશ્વ હિન્દુ પરિષદ કોટડા પ્રખંડના સત્યપાલ સિંહ બાપુ તેમજ નીતિનભાઈ પટેલ, પ્રખંડ મંત્રી કિરણભાઈ માકાણી અને યશપાલસિંહ જાડેજા, યોગીરાજ સિંહ જાડેજાએ સંભાળી હતી વર્ગના સમાપન સત્રમાં વિશ્વ હિન્દુ પરિષદ કચ્છ વિભાગના અધ્યક્ષ શ્રી સુરેશભાઈ ગુપ્તા, પૂર્વ કચ્છ જિલ્લા અધ્યક્ષ શ્રી મહેશભાઈ સોરઠીયા, પૂર્વ કચ્છ જિલ્લા સહમંત્રી હર્ષદભાઈ શેઠીયા અને રાજેશભાઈ વેગડ તેમજ કોટડા પ્રખંડ અધ્યક્ષ શ્રી રણછોડભાઈ ધોળું સાથે ખેડોઈ ગામના ક્ષત્રિય સમાજના વડીલ શ્રી સજુભા બાપુ, જીતુભા બાપુ, પ્રદીપસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## નેત્રંગમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું



પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ તાલુકા કોંગ્રેસ ના આગેવાન તેમજ પૂર્વ ભરૂચ જિલ્લા યુવા પ્રમુખ શેરખાન પઠાણ તેમજ તેમની ટીમ દ્વારા આજ રોજ નેત્રંગ તાલુકાના મોવી થી કવચિયા રોડ પર મસ મોટા ખાડા પડી ગયેલા છે તેમાં રોજ સેંકડો લોકો ને આ ખરાબ રસ્તા ના લીધે ઘણી તકલીફ પડી રહી છે તંત્ર દ્વારા કોઈ તેનું કોઈ નિરાકરણ ન આવતા આજ રોજ તેમના દ્વારા રસ્તા રોકી આંદોલન કરવામાં આવ્યું હતું તેમજ નેત્રંગ થી અંકલેશ્વર લગી જે નવો રોડ ૫૫ કરોડ થી વધુ ની રકમ નો રોડ બની રહેલો છે તેમાં પણ હજુ પહેલા વરસાદ માંજ રોડ નું ધોવાણ ચાલુ થઈ ગયું છે તેમાં પણ તેમના દ્વારા કહેવામાં આવ્યું કે રોડ માં ખુબ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય એવું લાગી રહ્યું છે સરકાર તેમજ તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી કોન્ટ્રાક્ટર સામે પગલા લઈ માર્ગનું નવિનીકરણ કરવામાં આવે તેવી માંગ કરી હતી.-અખંડ ભારત

## સોપાવાડામાં પ્રવેશોત્સવ યોજાયો



ભગવત સિંહ ઝાલા - સોપાવાડા ગામમાં શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો આ કાર્યક્રમ માં શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ એજ્યુકેશન ઈસ્પેક્ટર DEO કચેરી મહેસાણા તથા શ્રી હીરાભાઈ ચૌધરી આચાર્યશ્રી આદિત્ય વિદ્યાલય મોઢેરા તથા બીઆરસી હિતેશાબેન સુથાર તથા સોંપા વાળા ગામના નવા ચૂંટાયેલા સરપંચ શ્રી પ્રકાશભાઈ એમ પટેલ તથા બેચરાજી તાલુકા પંચાયતના સદસ્ય શ્રી કિરપાલસિંહ એલ ઝાલા તથા ભગવતસિંહ એમ ઝાલા પ્રમુખશ્રી દૂધસાગર ડેરી સોંપાવાડા અને સાપાવાડા અનુપમ શાળાના આચાર્ય શ્રી તથા તમામ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ઈડરના શેરપુરમાં પડતર પ્રશ્નો મુદ્દે કલેકટરશ્રીને રજૂઆત




અમૃતભાઈ વાંકર - સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના શેરપુર ગામે જિલ્લા કલેક્ટર શ્રી શેરપુર ગ્રામ પંચાયત ની મુલાકાત લેવા માટે આવેલ તેમજ મા. પ્રાંત અધિકારી શ્રી ઈડર, તાલુકા વિકાસ અધિકારી શ્રી ઈડર મા . મામલતદાર શ્રી ઈડર . હાજર રહેલ તથા શેરપુર ગામના ગ્રામજનોએ તથા સરપંચશ્રીઓએ મા. કલેક્ટર શ્રી નું તથા ઈડર તાલુકા અધિકારી શ્રીઓનું ભવ્ય સ્વાગ્રત કરી ગામના પડતર પ્રશ્નો નો ઉકેલ લાવવા માટે રજૂઆત કરેલ જેમા ગામનું ગામતળ રી સર્વે થાય તેમજ અનુ . જાતિના વણકર ભાઈના અવર જવર માટે ગરનાળાનું બનાવવા ની રજૂઆત કરતા પડતર પ્રશ્નો નિકાલ માટે હૈયાધારણા આપી સમરસ ગામ પંચાયત શેરપુર ની મુલાકાત લઈ હર્ષ ની લાગણી વ્યક્ત કરી હતી.-અખંડ ભારત

# ગડાધર ગ્રુપ હાઇસ્કુલમાં યોજાયો શાળા પ્રવેશોત્સવ

ડી કે પટેલ- અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ ગડાધર ગૃપ હાયર સેકન્ડરી સ્કૂલમા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ઉત્સવ ઊજવાયો. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ અને આ વિસ્તારના જિલ્લા સદસ્ય નીલાબેન મોડીયા તથા શ્રી એન એસ પટેલ સી.આર.સી અને ગોપાલભાઈ પટેલ તથા મંડળના પ્રમુખશ્રી દીપકભાઈ એમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા ગ્રામજનો અને વાલીઓની ઉપસ્થિતિ વચ્ચે ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર બાળકોનો પ્રવેશોત્સવ ઉજવાયો







હતો તથા કન્યા કેળવણી ઉત્સવની પણ ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દીકરીઓને શિક્ષણમાં પોતાનું સો ટકા આપવા માટે માનનીય નીલાબેને અપીલ કરી હતી. શાળાના નવનિયુક્ત આચાર્યશ્રી તથા શાળાના તમામ સ્ટાફ મિત્રો દ્વારા સદર કાર્યક્રમની સફળ બનાવવા ના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. શાળાના મદદનીશ શિક્ષક શ્રી મહેશભાઈ પટેલ દ્વારા સદર કાર્યક્રમ અંગે માહિતી આપવામાં આવી હતી...અખંડ ભારત

# નવાગામના સરપંચ પદે ચૂંટાયા



ઉદયસિંહ હિહોર - દોહાદ તાલુકાની નવા ગામ ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં સરપંચ પદે સુરેખાબેન મનુભાઈ પગી જંગી મતોથી વિજયી થતાં તેમને આ તબક્કે સૌ મતદારોનો આભાર માન્યો હતો.-અખંડ ભારત

# હરસોલીમાં પ્રવેશોત્સવ યોજાયો

ભરતસિંહ ચૌહાણ - હરસોલી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હર્ષાલી પ્રાથમિક શાળા તથા ત્રિવેદી વિદ્યાલય માધ્યમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં પોલીસ મેળવેલ બાલવાટિકાના ૨૦ ૩૬ મેળવેલ ધોરણ એકના બાળકો બે વત્તા બે તેમાં ધોરણ ૯ ના ૪૭ ૨ નું સાથે માધ્યમિક શાળામાં પ્રવેશતી માંથી એડિશનલ ચીફ સેક્રેટરી ગવર્મેન્ટ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ ગાંધીનગર દ્વારા પ્રવેશ કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં શ્રી મહિલા



સાહેબ શ્રી તેમજ સરપંચ શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ પ્રાથમિક શાળા આચાર્ય શ્રી વિપુલ ત્રિવેદી અને માધ્યમિક શાળાના આચાર્યશ્રી કે પીકે પરમાર દ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવેલ જે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમના શાળાના શિક્ષકો અને ગામજનો હાજરી સાથે કાર્યક્રમ યોજાયો હતો-અખંડ ભારત

# કલોલમાં વરસાદી પાણીનો ભરાવો થતાં સ્થાનિકો પરેશાન



જીતેન્દ્ર ઠાકોર - ગાંધીનગરના કલોકમાં વરસાદી માહોલ દરમ્યાન બળીયાદેવ મંદિર અને અંબિકા હાઈવે વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થઈ જતાં માર્ગ બંધ કરાતા સ્થાનિક વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવાની ફરજ પડી હતી.-અખંડ ભારત

# વડોદરામાં ૨૧ જોખમી જગ્યાઓ ઉપર પ્રતિબંધ ફરમાવાયો

શબ્બીર રાઠોડ - વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નદી ,નાળા, નહેરોમાં ડૂબી જવાના બનાવો વધવાના કારણે એક જાહેરનામું બહાર પાડીને સિંધરોટ ચેકડેમ,લાંછનપુર ,મહીસાગર સહિત ૨૧ જોખમી જગ્યાઓ ઉપર નાહવા તથા હરવા ફરવા પર અને ભીડ ભેગી કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. અને આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ જણાવેલ છે. શિનોર તાલુકાના એકમાત્ર દિવેર મઢી મુકામે નર્મદા નદીમાં નાહવા માટે તથા હરવા ફરવા અને ભીડ એકત્રિત કરવા માટે



અન્ય સ્થળોની માફક આ જાહેરનામું તારીખ ૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી અમલમાં મુકેલ છે. એક તરફ સરકાર દિવેર મઢી મુકામે પ્રવાસન યાત્રાધામ અન્વયે વિકાસ કામો માટે જાહેરાત કરે છે, અને જનતા માટે સગવડો ઊભી કરવા નક્કી કરે છે, જ્યારે હકીકતમાં હાલમાં આ સ્થળે નાહવા તથા હરવા ફરવા પર પ્રતિબંધ ફરમાવે છે. આ દિવેર નર્મદાની બાજુના કિનારા પર કરજણ તાલુકાના રણાપુર ગામે નાહવા માટે તથા ધંધા રોજગાર માટે હાટડીઓ છૂટ અપાયેલ છે.

શિનોર તાલુકાના માંડવા, સુરાશામળ ના નદી કિનારે જાનનું જોખમ હોવા છતાં પણ લોકો નાહવા માટે જાય છે દિવેર શિવભદ્રા આશ્રમની સામે પાણેથાના કિનારે લોકો બિન્દાસ પણે હરવા ફરવા અને નાહવા માટે જાય છે ,ત્યારે શિનોર તાલુકામાં એકમાત્ર દિવેર મઢીને ડૂબવાના બનાવોના કારણે પ્રતિબંધ કેમ મુકાય છે તે ચર્ચાનો વિષય બનેલ છે.

-અખંડ ભારત

# નવાપરામાં પ્રવેશોત્સવ યોજાયો



સુરેશ પ્રજાપતિ - પીએમ શ્રી રામકૃષ્ણનગર કન્યા પ્રાથમિક શાળા નવાપરા વાંકાનેર તાલુકો

વાંકાનેર જીલ્લો- મોરબી ખાતે આજરોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં વાંકાનેર નગરપાલિકા ચીફ ઓફિસર સરૈયા ગિરીશભાઈ સાહેબ શ્રી તેમજ નગરપાલિકા સદસ્ય રાહુલભાઈ રીબડીયા તેમજ એસએમસી અધ્યક્ષ હસીનાબેન તેમજ દાતાશ્રી મણિલાલ પટેલ તથા સુરેલા વનુભાઈ તેમજ એસએમસી સભ્યો અને વાલીગણ હાજર રહી બાલવાટિકામાં પ્રવેશ પામનાર ૩૨ બાળકોને શાળામાં કીટ વિતરણ કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# બાબરોલમાં પ્રવેશોત્સવ યોજાયો



સંજયકુમાર પટેલ -ગોધરા તાલુકાની બાબરોલ નવયુગ માધ્યમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સવજીભાઈ તડવી તરફથી તેજસ્વી તારલાઓ તથા ગુરુજનો નું સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# દાવલી હાઈસ્કુલમાં ઉજવણી ઉલ્લાસ ભણી અંતર્ગત કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો...

નરેશ પ્રજાપતિ

અરવલ્લી જિલ્લાની મોડાસા તાલુકાની ભારતીય વિદ્યામંદિર દાવલી હાઈસ્કુલમાં ઉજવણી ઉલ્લાસ ભણી અંતર્ગત જિલ્લા વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.એન.કુચારા સાહેબના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવ યોજાયો.. શાળાના આચાર્યશ્રી નરેશ પ્રજાપતિએ પોતાના પ્રાસંગિક પ્રવચન અને શાબ્દિક સ્વાગતમાં શાળાની અભૂતપૂર્વ સિદ્ધિઓ વર્ણવી જણાવ્યું હતું કે સમાજ અને રાષ્ટ્રના આમૂલ પરિવર્તન માટે શિક્ષણ અનિવાર્ય છે શિક્ષણ રૂપી શસ્ત્રનો ઉપયોગ કરી સમગ્ર વિશ્વને સકારાત્મક દૃષ્ટિએ બદલી શકાય છે. તેમજ મહેમાનશ્રીઓનું પુસ્તક તેમજ પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું.. આ પ્રસંગે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવમાં લાઈઝન અધિકારી તરીકે કુંદનબેન રાઠોડ (સી.આર.સી sardoi) તેમજ દાવલી ગ્રામ પંચાયતના નવનિયુક્ત સરપંચશ્રી શિલ્પાબેન




સુતરીયા તથા શાળા માટે સમર્પિત ઉત્સાહી અને યુવા દાતાશ્રી ધવલભાઈ વ્યાસ તાલુકા પંચાયત સદસ્ય ડાયાભાઈ સુતરીયા તલાટી કમ મંત્રીશ્રી તથા ગામ અગ્રણી રાજેન્દ્રસિંહ પુવાર,પ્રવીણભાઈ રાજ, ગણપતભાઈ પંડ્યા, આશિષભાઈ, કમલેશભાઈ વગેરેની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. મહેમાનશ્રીઓના હસ્તે શાળામાં પ્રવેશ મેળવનાર ૪૭ વિદ્યાર્થીઓને તત્સત ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ, તથા પદરજ ફાઉન્ડેશન અમદાવાદ અને ONGC દ્વારા પ્રાપ્ત થયેલ વિવિધ શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.. શાળાનું માર્ચ ૨૦૨૫ નું ૧૦૦ ટકા પરિણામ અને શાળામાં ઉત્તમ શિક્ષણ સાથે વિદ્યાર્થી ચારિત્ર નિર્માણના શ્રેષ્ઠ પ્રયાસોને સૌ કોઈ મહેમાનોએ બિરદાવ્યા હતા. પ્રવેશોત્સવના અધ્યક્ષશ્રી આર. એન.કુચારા સાહેબ, લાઈઝન અધિકારી કુંદનબેન રાઠોડ, નવનિયુક્ત સરપંચશ્રી શિલ્પાબેન સુતરીયા તથા રાજેન્દ્રસિંહ પુવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મેળવવા માટે પોતાના વક્તવ્યમાં આહવાન કર્યું હતું.. સમગ્ર કાર્યક્રમનું શ્રેષ્ઠ સંચાલન શાળાની ધોરણ નવની વિદ્યાર્થીની આરતી નીનામા અને ધોરણ દસની વિદ્યાર્થીની પાયલ વણઝારા દ્વારા કરવામાં આવ્યું હતું... સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકશ્રી મેહુલભાઈ સુવેરા તથા પ્રવિણસિંહ રાઠોડ તેમજ તમામ વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવા બદલ શાળાના આચાર્યશ્રી નરેશ પ્રજાપતિએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા...

# ફરેડા પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



ગેડિયા સંજયભાઈ - ગીર ગઢડા તાલુકાનું ફરેડા ગામ પ્રાથમિક શાળામાં રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા તથા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ આચાર્યશ્રી તથા સરપંચ ગોરધનભાઈ ગામના નાગરિકો વાલીઓ તેમજ સ્ટાફગણ આંગણવાડીના વર્કર વગેરેની હાજરીમાં યોજાયેલ પ્રવેશોત્સવમાં પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ આવી સર્વે બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.-અખંડ ભારત

# હિંમતનગર સાબરડેરી બ્રીજ ઉપર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત



રાઠોડ હિનાબેન - સલાલ - હિંમતનગર હાઈવે ઉપર સાબરડેરી બ્રીજ પાસે ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની નહી થતાં સ્થાનિકો અને રાહદારીઓ રાહતનો શ્વાસ લીધો હતો.-અખંડ ભારત

# સલાલમાં સ્કૂલબેગનું વિતરણ કરાયું

કુંવરસિહ ચૌહાણ - પ્રાંતિજ ના સલાલ ખાતે ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓને યુએસએમાં રહેતા દાતા તરફથી શાળાના વિદ્યાર્થીઓ ને સ્કૂલ બેગ તથા સ્લેટ નું વિતરણ કરવામાં આવતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ખુશી પ્રસરી જવા



સાથે આ તબક્કે શાળા પરિવારે દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# ચરાડા હનુમાનજી મંદિરે મહાપ્રસાદનું આયોજન...

સુનિલ પટેલ - માણસા તાલુકાના ચરાડા ગામે શ્રી બરાડીયા હનુમાનજીના મંદિરે સવારે ૭ થી ૭ વાગ્યા સુધી રામ ભરોસે મહાપ્રસાદનું ભવ્ય આયોજન અને સાંજે સંધ્યા આરતી પછી શ્રી બરાડીયા હનુમાનજી દાદાને ખીચડી નો પ્રસાદ અર્પણ કરવામાં આવતા આ ધાર્મિક પ્રસંગે સૌ




ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થતિ રહી દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો.-અખંડ ભારત

# જેનપુર ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



કુંવરસિહ ચૌહાણ- પ્રાંતિજ તાલુકાના જેનપુર પ્રાથમિક શાળા અને મેમદપુર પ્રાથમિક શાળા ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં શરૂ થયેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ ના રોજ નાના ભૂલકાઓ બાળકો અને આંગણવાડી શાળા માં પ્રવેશ કરાવી શિક્ષણ ની કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પર્યાવરણ ના જતન માટે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું પ્રવેશોત્સવ એ શિક્ષણનો યજ્ઞ નહી પરંતુ નવા ભારતના નિર્માણનું પ્રથમ પગથિયું છે તો આ પ્રસંગે પ્રાંતિજ તલોદ તાલુકાના મતવિસ્તાર ના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર અને શિક્ષક સ્ટાફ બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# રાજપીપળા કમલમ ખાતે સન્માન સમારોહ યોજાયો



જીતેન્દ્રસિંહ-નર્મદા જિલ્લાના પ્રમુખ મથક રાજપીપલા ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજય થયેલા સરપંચ અને સભ્યોના સન્માન માટે એક કાર્યક્રમ યોજાયો નવા સરપંચ અને સભ્યોનું સન્માન કરીને ગામ વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે.નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના પ્રમુખ નીલકુમાર રાવ તેમજ ના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ સહિત અને આગેવાનોની હાજરી આ સન્માન સમારો યોજાયો આ કાર્યક્રમ દરમિયાન વિજેતા થયેલા સરપંચ અને સભ્યોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# ધાંગધ્રામાં સન્માન સમારોહ યોજાયો

સુંદરલાલ ડેડાણીયા - ધ્રાંગધ્રામાં વાચક પરિવાર દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તિર્ણ થયેલ વિધાર્થીઓને પ્રોત્સાહન આપવા અને આગળ વધવા માટે એક સન્માન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫થી વધુ વિદ્યાર્થીઓનું એક સાથે સન્માન કરવામાં આવ્યું હતું . જેમાં ધ્રાંગધ્રા નગરપાલિકા પ્રમુખ શ્રી કુલદિપસિંહ ઝાલા, ભાજપ શહેરી પ્રમુખ નિશાંતભાઈ પ્રજાપતિ, અને દિવ્યાંગ સમાજ સેવિકા સીતાબેન દેપાળા, ભાજપ શહેરી મહામંત્રી સંજયભાઈ ગોવાણી, ઘનશ્યામભાઈ ચાવડા, ગવરમેન્ટ



હોસ્પિટલમાં ધ્રાંગધ્રાના મેડિકલ ઓફિસર ડૉ કુમારી ઝાલા સાહેબા વગેરે એ પોતાની હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓના ઉત્સાહ અને ઉમંગ માં અનેરો વધારો કર્યો હતો તેમજ ભાવિ ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે અને આગળ વધે તે માટે શુભેચ્છા પાઠવી હતી.કાર્યકર્મ દરમિયાન સ્વાગત સંચાલન અને આભાર વિધિ સંસ્થા ના પ્રમુખ શ્રી ધીરજલાલ મણિયાર એ કર્યું હતું.-અખંડ ભારત

# છીપામાં પ્રવેશોત્સવ યોજાયો



સંજયકુમાર પટેલ - ધી ભાગ્યોદય હાઈસ્કુલ તાજપુર છીપા ખાતે શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સવજીભાઈ તડવી તરફથી તેજસ્વી તારલાઓનું સન્માન કરી તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા.-અખંડ ભારત

# ડીસા નાયી સમાજ યુવક પ્રગતિ મંડળ દ્વારા ૨૧ મી સાધારણ સભા અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



અશોક નાયી - ડીસા નાઈ સમાજ યુવક પ્રગતિ મંડળ દ્વારા ૨૧ મી સાધારણ સભા અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.આ કાર્યક્રમ નું ઉદઘાટન પધારેલા મહેમાનો ના હસ્તે કરવામાં આવ્યું હતું.પ્રમુખશ્રી મનસુખ ભાઈ માલગઢ તેમજ મહામંત્રી શ્રી નવીનભાઈ રાણપુર ની અધ્યક્ષતા માં યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહેમાનો વિધાર્થીઓ તેમજ કારોબારીઓ ઉપસ્થિત રહ્યા હતા.પધારનાર મહેમાનો તેમજ દાતાશ્રીઓ અને નવી નોકરીઓ મેળવનાર નૂ ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યૂ હતું.ત્યાર બાદ ધોરણ ૧ થી કોલેજ સુધી ૧ થી ૩ નંબર લાવનાર વિધાર્થીઓ ને દાતાશ્રીઓ દ્વાર પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.ડીસા નાઈ સમાજ યૂવક પ્રગતિ મંડળ દ્વારા ૬૫૦૦ ચોપડા ઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું.આવનાર મહેમાનો દ્વારા વિધાર્થીઓ ના માર્ગદર્શન લક્ષી શાબ્દિક પ્રવચનો આપવામાં આવ્યા હતા.તેમજ સમાજ ને શિક્ષણ ઉપર ભાર મુકવાનું આહવાન કરવામાં આવ્યું હતું.અત્યાર આધુનિક યુગમાં શિક્ષણ નું શું મહત્વ છે તેના વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી.યૂવાનો ને વ્યાસન મુક્ત થવા પણ આહવાન કરવામાં આવ્યું હતું.અને એ ખર્ચ એમના બાળકો ના ભણતર પાછળ ખર્ચવા વિનંતી કરવામાં આવી હતી.નાઈ સમાજ યુવક પ્રગતિ મંડળ ની શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત લાઈબ્રેરી થકી સમાજ ના વિધાર્થીઓ એ અલગ અલગ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિ ને પણ બિરદાવી હતી.લાઈબ્રેરી દ્વારા સમાજ ના વિધાર્થીઓ ને યોગ્ય માર્ગદર્શન તેમજ વાચંન માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા થી છેલ્લા બે વર્ષમા અનેક બાળકો એ સરકારી નોકરી મેળવી ચુક્યા છે જેમનું પણ સન્માન કરવામાં આવ્યૂ હતૂ.-અખંડ ભારત

# શિણોલ પંથકમાં વરાપ નિકળવાની રાહ જોઈને બેઠેલો જગતનો તાત



રોનક પંડ્યા - ધનસુરા તાલુકાના નવી શિણોલ પંથકમાં છેલ્લા એક સપ્તાહથી અવિરત્ વરસતા વરસાદને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ વધી જતાં વરાપ નહી નિકળતા ખેડૂતો હવે ચોમાસુ ખેતીપાક માટે વરાપ નિકળે તેવી રાહ જોઈને બેઠા છે.- અખંડ ભારત

# ચાંદરાણીમાં પ્રવેશોત્સવ યોજાયો



બલરામ સાધુ - ચાંદરાણી ગ્રુપ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સ્વ અંતર્ગત શ્રી રાકેશ પટેલ સાથે લાયઝન અધિકારીના હસ્તે ૪૩ બાળકોને પ્રવેશ અપાવી તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલકન હસ્તિબેન હુંબલ કરી હતી આભરવિધિ જગદીશભાઈ બકુત્રા એ કરી હતી.-અખંડ ભારત

# સીમર ખાતે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



નરેન્દ્રભાઈ ચાંદોર- ઉના તાલુકા ના છેવાડા ના સીમર ખાતે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દેલવાડા-ઉના દ્વારા આયોજિતઅને ઉના ડૉક્ટરો ના સહયોગ સીમર મુકામેં નિ:શુલ્ક ફ્રી સર્વ રોગ નિદાન કેમ્પ કરવામાં આવેલ.જેમાં ડો. તપન ડોડીયા મેડિસિન આઇ.સી.યુ.ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ , અને ડૉ. સંજય રામ પ્રસુતિ,સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન ડો. નિશાંતમનાણી હાડકાના સર્જન, ડો. રમેશ સોલંકી ડેન્ટલ સર્જન તથા ડો.ગ્રીષા મનાણી ચામડી તેમજ એલર્જીના નિષ્ણાત, ડો.અતિક રવાના કાન-નાક-ગળા ના સર્જન તેમજ ડો.ભાવિન બાબરીયા ફેમિલી ફેમિલીઝેશન આવા વિવિધ વિભાગ ના ડોક્ટરોની ટિમ હેઠળ અંદાજિત ૪૦૦ થી વધુ દર્દીઓએ આ નિ:શુલ્ક કેમ્પનો લાભ લીધો હતો.આ કેમ્પ માં બી.પી.,સુગર,અને દર્દીઓને જરૂરી દવાઓ પણ નિ:શુલ્ક આપવામાં આવી હતી. આ અગાઉ પણ શ્રી કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણા નિ:શુલ્ક કેમ્પ અલગ અલગ ગામડે નામાંકિત ડોક્ટરોની ટિમ બોલાવી કરવામાં આવેલ હતા. વધુમાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી એચ.આઇ.કુબાવત દ્વારા એવું જણાવેલ કે આવનારા સમયમાં પણ ટ્રસ્ટ દ્વારા આરોગ્યને લગતા, શિક્ષણને લગતા,અબોલ પશુ પક્ષીઓને લગતા જેવા વિવિધ માનવસેવા એજ પ્રભુ સેવા ની ઉક્તિ સાર્થક થાય તેવા કાર્યક્રમો કરવામાં આવશે.-અખંડ ભારત

# ઝીઝાવદરમાં પ્રવેશોત્સવ યોજાયો



મંગળસંગ ટાંક - મોટા ઝીઝાવદર ગામે શાળા પ્રવેશ ઉત્સવમાં બોટાદ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી કનુભાઈ રાઠોડ તથા બોટાદ જિલ્લા કિશાન મોરચાના ઉપપ્રમુખ શ્રી મંગળસિહ એલ ટાક. ભાજપ આગેવાન શ્રી એન. ડી. પટેલ બોટાદ તથા ગ્રામજનો તથા સરપંચ તથા અધિકારીઓ અને બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# રાવરાણી ખાતે પ્રવેશોત્સવ યોજાયો



ઝાલા સહદેવ સિંહ - આજ રોજ તારીખ :૨૮/ ૦૬/૨૦૨૫ ને શનિવારે પ્રાથમિક શાળા રાવરાણી ખાતે કન્યા કેળવણી અને પ્રવેશઉત્સવ ૨૦૨૫ રાજ્ય સરકાર કાર્યકમ અનુરૂપ થાનગઢ તાલુકો પંચાયત પ્રમુખ શ્રી સાથે ઉપ પ્રમુખ શ્રી એસ એમ સી અધ્યક્ષ શ્રી સભ્યશ્રી લાયજન અધિકારી શ્રી તેમજ મોટી પ્રમાણ ગામ જનો હાજરી માં આંગણવાડી માં (૪) બાળકો અને બાલવાટિકા માં (૧૬) બાળકો અને ધોરણ ૧ માં (૨૧) બાળકો ને પ્રવેશ આપવામાં આવ્યો છે.સાથે શાળા માં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ છે. વાર્ષિક પરીક્ષા ૨૦૨૫ ધોરણ ૩ થી ૮ માં પ્રથમ નંબર મેળવેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ પીએસસી એનએમએમ એસ વગેરે પરીક્ષા માં મેરિટ સાથે પાસ થયેલ તે ખૂબ આનંદ ની વાત છે..આ તકે થાનગઢ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્ર સિંહ ઝાલા દ્વારા પ્રેરક સંબોધન કરવામાં આવેલું હતું.સમગ્ર કાર્યકમ સંચાલન શાળા વિદ્યાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું.શાળા આચાર્ય શ્રી ગોવિંદ ભાઈ કોશિયા શાળા મદદનીશ શિક્ષકો દ્વારા ખૂબ સરસ તૈયારી જોવા મળેલ હતી.અજય ભાઈ ,બિપીન ભાઈ અને ગૌતમ ભાઈ અમી બેન અને રીટાબેન દ્વારા ખૂબ સરસ તૈયારી કરેલ જોવા મળી હતી.-અખંડ ભારત

# લિંબડી પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



વિપુલકુમાર બારીયા - થાળા(લીમડી) પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો જેમાં મુખ્ય મહેમાન તરીકે પીટીસી કોલેજના આચાર્ય બેનશ્રી ડૉ.કોઠારી ગીતાબેન, લાયઝન તરીકે ડુંગરી કેન્દ્રના સીઆરસીકો.ઑ સંદીપભાઈ કામોળ, ગામના સરપંચશ્રી અને આગેવાનો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થનાર અને ખેલ મહાકુંભમાં જિલ્લા અને રાજ્ય કક્ષાએ ભાગ લેનાર તથા ધોરણ ત્રણ થી આઠમાં ગત વાર્ષિક પરીક્ષામાં એક થી ત્રણ નંબર મેળવેલ તમામ બાળકોને સરપંચશ્રી તરફથી ઈનામ પેડ અને નોટબુક તથા શાળા તરફથી પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. નવીન ૪૫ બાળકોને કીટ આપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. -અખંડ ભારત

# જાદરમાં જાહેર માર્ગો ઉપર વરસાદી પાણીનો ભરાવો



રાણા રંજિતકુમાર - ઈડર તાલુકાના જાદર ગામના જાહેર માર્ગો ઉપર વરસાદી પાણીનો ભરાવો થતાં તેનો યોગ્ય નિકાલના અભાવે સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોઈ તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.-અખંડ ભારત

# હિંમતનગર ખાતે શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



શૈલેષ પંચાલ - સાબરકાંઠાના હિંમતનગર ખાતે આવેલ ગ્રોમોર ફાઉન્ડેશન સંચાલિત, જ્ઞાનશક્તિ રેસિડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલેન્સ, ગ્રોમોર કેમ્પસ, હિંમતનગર ખાતે 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરથી આવેલ - સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ- સચિવાલય શ્રીમતી રીમાબેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. સંમેલનમાં સર્વ શિક્ષા કચેરી ગાંધીનગરથી શ્રી ભરતસિંહ વાઘેલા સાહેબ તથા લાઈઝનીગ ઓફિસર અને સી.આર.સી. શ્રી પિયુષભાઈ સુથાર -રાયગઢ, ગ્રોમોર ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી રણજીતસિંહ ઝાલા તથા કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડૉ. ભરતભાઈ સુથાર તથા જ્ઞાન શક્તિ સ્કૂલના ઉત્સાહિ અને અનુભવી આચાર્ય શ્રી વસંતભાઈ નાયક તથા સ્કૂલના ઈન્ચાર્જ લલીતભાઈ ચોપડાની ખાસ ઉપસ્થિતિ રહી હતી.આ કાર્યક્રમમાં વાલીશ્રીઓની ઉપસ્થિતિ પણ નોંધપાત્ર રહી હતી. કાર્યક્રમમાં ધોરણ ૬ માં નવીન પ્રવેશ મેળવનાર બાળકોને તિલક કરી આવકારમાં આવ્યા હતા તથા સ્કૂલબેગ અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ શ્રીમતી રીમાબેન વાઘેલાએ પરીક્ષા નહી પણ સમીક્ષા પર ભાર મૂકી નિષ્ફળતા એ સફળતાની ચાવી છે એ બાબત પોતાના અનુભવને ટાંકીને સમજાવ્યું હતું અને બાળકોનું ખરા દિલથી સ્વાગત કર્યુ હતું. સર્વ શિક્ષા કચેરી-ગાંધીનગરના શ્રી વાઘેલા સાહેબે જ્ઞાન શક્તિ યોજના વિશે વિશેષ ચર્ચા કરી અને ભવિષ્યમાં આવનાર પડકારો સામે સજ્જ થવા જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં પધારેલ મહેમાનશ્રીઓએ વૃક્ષારોપણ પણ કરેલ હતું. સમગ્ર પ્રોગ્રામની આભાર વિધિ આચાર્યશ્રીએ કરી હતી.-અખંડ ભારત

# ધાનપુર થી વાંસીયા માર્ગનું મરામત કરવા માંગણી



રાકેશ રાવત - દાહોદ જિલ્લાના ધાનપુર થી વાંસીયા ડુંગરી ચોકડી સુધીનો રસ્તો લગભગ ૧૦ કિલોમીટરનો સુધી જર્જરિત રસ્તો પ્રથમ વરસાદે ધોવાયો હતો આ રોડ પર વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.આ માર્ગ ઉપર પડેલા ઠેર ઠેર ખાડાનું સત્વરે મરામત કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

# રવાડી ખેડા ગ્રામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



ઉદયસિંહ હિહોર - દાહોદ તાલુકાના રવાડીખેડા ગ્રામ પંચાયત ચૂંટણી સરપંચ પદે નિનામા નવિનભાઈ મોતીભાઈ વિજેતા થતાં વિજેતા સરપંચે તમામ મતદારોનો આભાર માન્યો હતો.-અખંડ ભારત

# હિંમતનગર મહિલા આર્ટસ કોલેજ, વિદ્યાનગરીનું ગૌરવ



તેજલબેન ચૌહાણ- મહિલા આર્ટસ કોલેજ, વિદ્યાનગરી, હિંમતનગર માં કાર્યરત સંસ્કૃત વિભાગના પ્રૉ. ડૉ. દીક્ષાબેન હેમચંદ સાવલાએ એમના કારકિર્દીમાં જવલંત સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. તેઓએ વર્ષ ૨૦૨૦-૨૧ માં એન.એસ.એસ બેસ્ટ કર્મવીર એવોર્ડ, વર્ષ ૨૦૨૧-૨૨ માં મેજિક બુક ઓફ ઈન્ડિયા દીલ્હી નારી રત્ન એવોર્ડ, વર્ષ ૨૦૨૦-૨૧ માં એમના પુસ્તક સંસ્કૃત સાહિત્યમાં વક્રોક્તિ વિચારણા એ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક એનાયત કરેલ, વર્ષ ૨૦૨૩-૨૪માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ,પાટણ ખાતે એન. એસ. એસ શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તરીકે એવોર્ડ પ્રાપ્ત કરેલ અને આ વર્ષે ૨૦૨૪-૨૫ માં કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ નારી રત્ન એવોર્ડ ૨૦૨૫ માટે એમની પસંદગી પામી, મુંબઈ -દાદર યોગી સભાગૃહ ખાતે તારીખ : ૨૭-૦૬-૨૦૨૫ અષાઢી બીજના રોજ કન્વીનર ડૉ. હેમરાજ શાહ લોકપ્રિય સુપ્રસિદ્ધ તારક મહેતા સીરીયલના શ્રી દિલીપભાઈ જોશી (જેઠાલાલ )ના વરદ હસ્તે નેશનલ એવોર્ડથી સન્માનિત કરાયા.આ જવલંત સિદ્ધિ બદલ કોલેજ ના પ્રિન્સિપાલ ડૉ કનૈયાલાલ એલ પટેલ, સંસ્થાના પ્રમુખ ડૉ. ડી. એલ પટેલ, ટ્રસ્ટી શ્રી એમ ડી પટેલ તેમજ સ્ટાફ મિત્રો એવમ વિદ્યાનગરી પરિવાર અઢળક શુભેચ્છાઓ આપી, આ જવલંત સિદ્ધિને બિરદાવી એમની આગામી કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# સીમલીકંપામાં પ્રવેશોત્સવ યોજાયો



પટેલ મીત કુમાર- ધનસુરા તાલુકાના સીમલીકંપા કન્યા શાળામાં કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ આપી શૈક્ષણિક કીટનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# ધનસુરામાં રથયાત્રા યોજાઈ



આકાશ ખાંટ / અર્પણ પટેલ - અષાઠી સુદ-૨ ધનસુરા શહેરમાં ધાર્મિક આસ્થાના પ્રતિક દિવ્ય રામજી મંદિરના ૧૦૦૮ મહંતશ્રી ભગવાનદાસજી મહરાજે ભવ્ય રથ યાત્રા પ્રારંભ કરી જેમાં ગામના પ્રતેક ધર્મપ્રેમી જનતા ભગવાન શ્રી રામજીના દર્શન થાય અને સમસ્ત ગામ પાવન અને પવિત્ર બને તે હેતુ થી આ રથ યાત્રાનો પ્રારંભ વર્ષો થી ચાલુ કરેલ જે આજે પણ ચાલુ છે પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી પુરણશરણદાસજી મહરાજ ના સાનિધ્યમાં ગામ ના તમામ ભક્તજનો ની હાજરી માં રથ યાત્રા સવારે ૮-૩૦ કલાકે નીકળી રથ યાત્રામાં જોડાઈ પુણ્યના સહભાગી બન્યા. ભવ્ય રથ યાત્રા નું મોસાળું (મામેરું) યજમાન તથા ભોજન પ્રસાદ એકતા મિત્ર મંડળ, લાખણેચી માતાજી મઠ, ધનસુરા દ્વારા આયોજન કરવામાં આવ્યું તેમજ આ રથ યાત્રા ધનસુરા ના તમામ વિસ્તારો ફરી સાંજે પરત રામજી મંદિર આવી ને આરતી કરી પૂર્ણ થઇ હતી.

-અખંડ ભારત

# દેથલી પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



મોતી ભાઈ દેસાઈ - આજરોજ દેથલી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવમાં તાલુકા ભાજપ પ્રમુખ કમલેશભાઈ દેસાઈ મામલતદાર શ્રી આર.જે કાનુડા વાળા તથા શાળાના સ્ટાફ ગ્રામજનો ઉપસ્થિત રહી પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન કરાવી સૌ ભણે સૌ આગળ વધેના ધ્યેયને આગળ ધપાવવા સૌ અગ્રણીઓ અપિલ કરી હતી.-અખંડ ભારત

# નિંગાળામાં આર્મી જવાનનું સન્માન કરાયું



ભાવેશ વિઠાણી - બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના નિંગાળા ગામના વતની સાથળિયા પરબતભાઈ રામુભાઈ ઈન્ડિયન આર્મીની ટ્રેનિંગ પૂર્ણ કરી નિંગાળા ગામ ખાતે પરત ફરતા ગામના ઉપસરપંચ ભાવેશ ભાઈ વિઠાણી તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો દ્વારા પુષ્પવર્ષા તથા હાર પહેરાવી શાલ ઓઢાડી ભવ્ય સ્વાગત કરી ફૌજી જવાનનો ઉત્સાહ વધાર્યો હતો.-અખંડ ભારત

# દેવગઢ બારીયા પ્રાથમિક શિક્ષક ધિરાણ સહકારી મંડળીની સામાન્ય સભા યોજાઈ



વિપુલકુમાર બારીયા - ધી દેવગઢ બારીયા પ્રાથમિક શિક્ષક ધિરાણ સહકારી મંડળીની વર્ષ ૨૦૨૪ /૨૫ની સામાન્ય સભા પીટીસી કોલેજ દેવગઢ બારીયાના સભાખંડમાં મળી હતી. સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સભામાં દિવંગત સભાસદોને શ્રદ્ધાંજલિ આપવા માટે બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું . સભાના પ્રમુખ તરીકે દેવગઢ બારીયા પ્રાથમિક શિક્ષક ધિરાણ સહકારી મંડળીના ચેરમેન શ્રી પ્રતાપભાઈ બારીયા ની દરખાસ્ત કમિટી સભ્ય શ્રી રામભાઈ ડાયરાએ મુકી હતી . જેને કમિટી સભ્ય શંકર રાવતે ટેકો આપ્યો હતો. સભામાં સભાસદોના ધોરણ ૧૦ અને ૧૨ માં ૧ થી ૫ નંબર મેળવેલ બાળકોને રોકડ રાશિ આપી સન્માનવામાં આવ્યા હતા . ચાલુ નાણાકીય વર્ષમાં ૫૮ વર્ષ પુરા કરી નિવૃત થયેલ સભાસદોને સાલ ઓઢાડી ચેક અર્પણ કરી તેઓની સેવાઓને બીરદાવામાં આવી હતી. સેક્રેટરી શ્રી ચંદુભાઈ પરમારે સભામાં ગત સભાનું પ્રોસેડિંગ વાંચી સંભળાવી બહાલી મેળવી હતી. સભામાં સેક્રેટરી શ્રી એ વર્ષ ૨૦૨૪ ,/૨૫ નો અહેવાલ રજૂ કર્યો હતો. સભામાં નફાની ફાળવણી વાંચી સંભળાવી બહાલી મેળવી હતી. સ્થાનિક ઓડિટર તરીકે વિનોદભાઈ સુથાર અને મિનેશ દરજી ની વરણી કરવામાં આવી હતી .સભામાં મંડળીના વિકાસ માટે હકારાત્મક સૂચનો કરી તંદુરસ્ત ચર્ચા કરવામાં આવી હતી. આભાર વિધિ કમિટી સભ્ય શ્રી મથુરભાઈ પટેલે કરી હતી .આજની સામાન્ય સભામાં તમામ કારોબારી સભ્યો, વાઈસ ચેરમેન કીર્તિ રાજ બારીયા, દેવગઢ બારિયા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી બુધાભાઈ પરમાર , મહામંત્રી શ્રી દિનેશભાઈ પટેલ, શૈક્ષિક સંઘ દેવગઢ બારીયા ની ટીમ , સભાસદો ,એક થી પાંચ નંબર આવેલ બાળકો, નિવૃત સભાસદો વગેરે હાજર રહીને સભાને સફળ બનાવી હતી.

# ઊંઝા ન.પા.માં રોપા વિતરણ કરાયું



પટેલ જતીન કુમાર - ઊંઝા નગરપાલિકામાં નિશુલ્ક ફીરોપા વિતરણ કરવામાં આવ્યું હતું અને સર્વશ્રી મલય ભાઈ ઓઝા ના શ્રદ્ધાંજલિ નિમિત્તે ઊંઝા નગરપાલિકામાં નિશુલ્ક રોપા વિતરણ કરવામાં આવ્યું હતું અને એક જ ઉદ્દેશ સૌ સાથે મળીને ઊંઝા નગરને હરિયાળું બનાવવા સૌ સંકલ્પબદ્ધ બન્યા હતા.-અખંડ ભારત

# ડાંગના ગ્રામ્યમાં ૩૦ જેટલા માર્ગોના મરામત માટે જોબ નંબર ફાળવાયા

ઘિસારામ ચૌધરી

ડાંગ જેવા દુર્ગમ પ્રદેશમા ગ્રામીણ પ્રજાજનોની સુખાકારી માટે સતત ચિંતિત રાજ્ય સરકારના માર્ગ અને મકાન



વિભાગ દ્વારા, જુદા જુદા ૩૦ જેટલા અંતરિયાળ માર્ગો માટે જોબ નંબર ફાળવાયા છે.ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લાના ગ્રામ્ય પ્રજાજનોની લાગણી અને માંગણીનો સ્વીકાર કરતા રાજ્ય સરકારે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના- ૨૦૨૫/૨૬ માટે કુલ રૂ.૧૦૫૦ લાખના ખર્ચે ૧૯.૨૫ કિલોમીટરના ૧૬ માર્ગો મંજૂર કર્યા છે. આ માર્ગોનું કાચાથી ડામર અને રિસરફેસિંગ તથા મજબૂતિકરણ અને સ્ટ્રક્ચરની કામગીરી થતા વાહન માલિકોને મોટી રાહત મળી રહેશે. જે માર્ગોના કામો મંજૂર થયા છે તેમા, (૧) આહવા તાલુકાના ૬ માર્ગો, (૨) વઘઇ તાલુકાના ૩ માર્ગો, અને (૩) પૂર્વપટ્ટીના સરહદી સુબીર તાલુકાના ૭ માર્ગોનો સમાવેશ કરાયો છે.-અખંડ ભારત

# રિંગણીયામાં પ્રવેશોત્સવ યોજાયો

જતીન જોશી - આજરોજ કડાણા તાલુકાના રીંગણિયા ગામે પ્રાથમિક શાળામાં પ્રવેશ ઉત્સવ ઉજવવામાં આવેલો હતો આ પ્રસંગે પ ધારેલ શ્રી પ્રજાપતિ સર તથા મોટી સંખ્યામાં ગ્રામજનો બાળકો તથા શિક્ષક મિત્રો ઉત્સાહભેર ભાગ લઈ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું જેમાં



નાના ભૂલકાઓ ને ધોરણ એકમાં પ્રવેશ કરાવવા માટે બધા અધિકારીગણ તથા સમસ્ત ગ્રામજનો હાજર રહ્યા હતા આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી શંકરભાઈ પટેલે બાળકોને કુમકુમ કરી સ્લેટ નોટબુક આપી બાળકોનો અભ્યાસ પ્રત્યે જુમ જુસ્સો વધે તેઓ પ્રયત્ન કર્યો હતો.-અખંડ ભારત

# સિંગવડમાં એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે યોજાયો



પર્વતભાઈ પટેલ

આજરોજ સિંગવડ તાલુકા ના છાપરવડ પી .એચ સી ખાતે માન.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.ઉદય ટીલાવત અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.ગિરિવરસિંહ બારિયા સર અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. મુનિયા સાહેબ અને ડૉ . પ્રિતેશ સર ના માર્ગદર્શન હેઠળ આર. કે .એસ. કે પ્રોગ્રામ અંતર્ગત એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે તેમજ યોગ ડે દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પોષણયુક્ત આહાર વિશે સમજૂતી આપવામાં આવી.એનિમિયા તેમજ આયનફોલિક ની ગોળીઓ વિશે સમજૂતી આપવામાં આવી. માસિક દરમિયાન થતી તકલીફો તેમજ માસિક સ્વચ્છતા વિશે સમજૂતી આપવામાં આવી. સિકલસેલ /એચ આઈ વી /ટી બી વિશે સમજૂતી આપવામાં આવી હતી.અને રોડ સેફટી વિશે પણ સમજાવવામાં આવ્યું હતું.લગ્ન કરવાની ઉંમર વિશે સમજૂતી આપવામાં આવી હતી.અને પેર educatros ને આઈ કાર્ડ, ફાઈલ, ટીશર્ટ, ટોપી, ડબ્બો, બોટલ, પેન સ્કૂલબેગ, કંપાસ બોક્સ અને કિશોરીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં પી એચ સી મેડિકલ ઓફિસર શ્રી ઈન્ડોલેસેન્ટ, કોનસીલોર .તેમજ તમામ સ્ટાફ હાજર રહ્યા હતા અને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# બકલી ટીમ દ્વારા બાળકોને રમત ગમત ના સાધનોનું વિતરણ કરાયું



તેજલબેન ચૌહાણ - પ્રાંતિજ ના નનાનપુર ખાતે બકલી લંડનની ટીમ દ્વારા નનાનપુર પ્રાથમિક શાળામાં બાળકોને રમતગમતના સાધનો આપ્યા અને બાળકો ને ભોજન પણ કરાવ્યું.જેમાં વિરાજસિંહ, બિરેનભાઈ, ઉત્તમસિંહ, યોગેન્દ્રસિંહ અને રાજવીરસિંહ તથા તેમની ટીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠક યોજાઈ



મિતેશ પટેલ - અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની રાજ્ય કારોબારી બેઠક તારીખ ૨૯ જૂન ૨૦૨૫, શનિવારના રોજ મણીનગર, કર્ણાવતી ખાતે યોજાઈ. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ નારાયણલાલ ગુપ્તા, રાષ્ટ્રીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, રાષ્ટ્રીય અતિરિક્ત મહામંત્રી વિધ્યાલય શિક્ષા મોહનજી પુરોહિત, પ્રાન્ત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, મહામંત્રી પરેશભાઈ પટેલ, સંગઠન મંત્રી સરદાર સિંહ મછાર તમામ આઠેય સંવર્ગના અધ્યક્ષ, મહામંત્રી, સંગઠન મંત્રી પ્રાન્ત ટીમ તથા જિલ્લામાં થી અપેક્ષિતની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. આ બેઠકમાં સરકારી તથા અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આચાર્ય તથા HTAT સંવર્ગના પ્રતિનિધિઓ તથા સંગઠનના વિવિધ દાયિત્વવાન ૪૦૦ થઈ વધુ પદાધિકારીઓની ઉપસ્થિતિ રહી. બેઠકની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ સરસ્વતી વંદના સાથે કરવામાં આવેલ હતી. ત્યારબાદ વિમાન દુર્ઘટનામાં અકાળી અવસાન પામેલ દિવંગત મુસાફર, ડોક્ટર, ઉદ્યોગપતિ તથા નાગરિકોને બે મિનિટનું મોન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.બેઠકનું સંચાલન પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ (આણંદ) દ્વારા કરવામાં આવ્યું. સ્વદસ્યતા અભિયાન સો ટકા સફળ બનાવવા ચાવીરૂપ મંડલ રચના નું વૃત અતિરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલ ગાંધીનગર દ્વારા રજૂ કરી ૧૦૦% મંડલ રચના કરવા આહવાન કરવામાં આવ્યું. હતું.-અખંડ ભારત

# જાહેર નોટીસ

**બી.જી. ડાભી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભિલોડાની કોર્ટમા**

**નં.પી.ઓ.એલ/જન્મ-મરણ/કેસ નં.૭૭/૨૦૨૫**
**તા.૩૦/૦૬/૨૦૨૫**

**નિનામા લીલાબેન નાનજીભાઈ,**
**રહે.ધુલેટા (પાલ્લા), તા.ભિલોડા, જિ.અરવલ્લી**
**વિરૂધ્ધ**
**રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ઓડ,**
**તા.ભિલોડા જી.અરવલ્લી.**

**વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ -૧૩(૩) મુજબ જન્મ – મરણ નોધણી અંગે જાહેર પ્રસિધ્ધીની નોટીસ બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી નિનામા લીલાબેન નાનજીભાઈનો જન્મ મોજે.ધુલેટા (પાલ્લા), તા. ભિલોડા મુકામે તા.૦૧/૦૧/૧૯૭૦ના રોજ થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા આ કામના સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખિત વાંધો રજુ કરવાનો રહેશે. લેખિતમાં વાંધો રજુ ન થયેથી, વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કચેરીના સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ભિલોડા

# અવાલખમાં જિલ્લા આરોગ્ય અધિકારીએ મુલાકાત લીધી



શબ્બીર રાઠોડ

શિનોર તાલુકાના અવાખલ મુકામે ૨૬.૫૭ લાખના ખર્ચે તૈયાર થયેલ આયુષ્યમાન આરોગ્ય મંદિરનું વર્ચ્યુઅલ ઉદઘાટન તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે, આખજ, મહેસાણાથી કર્યું હતું અને ત્યારબાદ તારીખ ૫ મે ૨૦૨૫ ના રોજ ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા તેનું લોકાર્પણ કરી ખુલ્લુ મુકવામાં આવેલ હતું. ત્યારબાદ તાજેતરમાં તારીખ ૨૭ જૂન ૨૦૨૫ ના રોજ વડોદરા જિલ્લા ના મુખ્ય આરોગ્ય અધિકારી ડોક્ટર મીનાક્ષીબેન ચૌહાણ તથા ક્યુ.એ.એમ.ઓ. ડોક્ટર હેમસિંગ રાઠોડ દ્વારા બપોર પછી અચાનક મુલાકાત લેવામાં આવી હતી. CHO વંદનાબેન ચૌહાણ તથા FHW નિતીક્ષા રાઠવા આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં હાજર હતા. CDHO ડૉ.મીનાક્ષીબેન ચૌહાણ દ્વારા જરૂરી સૂચનો આપ્યા હતા, અને આરોગ્ય મંદિરની મુલાકાત દરમિયાન સ્ટાફની નિયમિતતા તથા કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો અને ગ્રામજનો પાસેથી પી.એમ.જે.એ.વાય. કાર્ડ બાબતની જાણકારી મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# કરંજખેડમાં પ્રવેશોત્સવ યોજાયો



કોંકણી મુકેશભાઈ - તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે શાળા માં પ્રવેશોત્સવ અંતર્ગત શાળાના પ્રવેશોત્સવમાં ૧૭૧ વિધાન સભાના સભ્ય શ્રી મોહનભાઈ ડી કોંકણી એ મુલાકાત લીધી અને શાળા માં બાળતરૂ મહોત્સવમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને ગામના આગેવાનો વાલીઓ ભાઈઓ બહેનો અને નાના ભૂલકાઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.- અખંડ ભારત

# કિર્તિસ્થંભ-માંજરોલવાયા કારવણ-સાધલી ની નાઈટ બસ અનિયમિત ચલાવતા રોષ

શબ્બીર રાઠોડ - વડોદરા એસ ટી વિભાગ માં આવેલ પાણીગેટ ડેપો દ્વારા ચલાવવામાં આવતી વડોદરા-માંજરોલ-કિર્તિ-વાયા.પોર-કાયાવરોહણ-સાધલી ની વર્ષો થી બસ ચાલે છે. આ બસ બપોરે ૧૨-૪૫ કલાકે પાણીગેટ-વડોદરા-માંજરોલ જવા માટે ઉપડે છે. પરતુ પાણીગેટ ડેપો દ્વારા ડ્રાઈવર-કંડકટર ને સમય સર વકઁશોપ માથી બસ આપવા મા આવતી નથી. એમ જાણવા મળ્યું છે. પહેલી ટ્રીપ મોડી મોકલવા મા આવે છે. તો બાકી ની તમામ ટ્રીપો લેટ ચાલતી હોય છે. આજ શિડયુલ મા સાંજે ૭-૦૦ કલાકે કિર્તિંસ્થંભ-માંજરોલ વાયા પોર-કાયાવરોહણ-સાધલી થઈને નાઈટ બસ ચાલે છે. પરતુ છેલ્લા કેટલાય સમયથી આ બસ ખુબ જ અનિયમિત ચલાવવામાં આવે છે. રાત્રે મુસાફરો આ બસ ની રાહ જોઈને બેસી રહેતા હોય છે. પરતુ મુસાફરો સાથે સામાન-નાના બાળકો અને સ્ત્રી ઓ પણ રાત્રી ના સમયે હોય છે. તેવીજ રીતે વહેલી સવારે નોકરી કરતા હોય અભ્યાસ કરવા માટે આવતા વિધાઁથીઓ તથા મુસાફરો આ બસ ની રાહ જોઈને બેસી રહેતા હોય છે. પરતુ કલાકો સુધી બસ ના આવતા મુસાફરો તથા વિદ્યાર્થીઓને ખુબ જ તકલીફ પડતી




હોય છે. એસ.ટી વિરુધ્ધ રોષ જોવા મળતો હોય છે. સારી આવક આવતી હોવા છતાં મનસ્વી રીતે નિર્ણય લઈ ને આ બસ લેટ મોકલવા મા આવે છે તેમ લોક મુખે ચર્ચાઈ રહયુ છે. હાલ મા અનિયમિત સંચાલન કારણે આવક ઓછી આવતી હોય છે ત્યાર બાદ ઓછી આવક નુ ખોટુ બહાનુ કાઢી ને બસો બંધ કરી દેવામાં આવતી હોય છે. એવુ ના બને જેના કારણે આ બાબતે વિભાગીય નિયામક તથા ડી.ટી.ઓ.ને તથા ડેપો મેનેજર ને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં પણ કોઈ કાયઁવાહિ કરવા આવતી નથી જેના કારણે મુસાફરો તથા વિદ્યાર્થીઓને ખુબ જ તકલીફ પડતી હોય છે. હાલ માં સાધલી પંથક ની બસો પાણીગેટ ડેપો દ્વારા ઈરાદા પુવઁક બંધ રાખવામાં આવે છે. તેમ જાણવા મળેલ છે. કારણ કે આ વિસ્તાર નો રણીધણી નથી. એટલે અધિકારી ઓ મનફાવે તેમ નિર્ણય લઈ ને વહિવટ કર્તા હોય છે. અધિકારી ઓ ને રજુઆત કરવા ફોન કરીયે છે.તો ફોન પણ ઉઠાવતા નથી. તો ગામડા ની ગરીબ પ્રજા કોને કહેવા જશે.એસ.ટી.વિભાગ દ્વારા સાધલી સાથે ઓરમાયું વર્તન રાખવા મા આવતુ હોય તેમ લોક મુખે ચર્ચાઈ રહયુ છે. જેથી આ વિસ્તાર ના ધારાસભ્ય તથા સાસંદ સભ્ય આ બાબતે અંગત રસ લઈ ને કિર્તિંસ્થંભ-માંજરોલ વાયા પોર-કાયાવરોહણ-સાધલી ની નાઈટ બસ નિયમિત સંચાલન કરવામાં આવે એવી સમગ્ર પથંક ના મુસાફરો ની લોકમાગ છે..

# હિંમતનગરમાં પરિસંવાદ યોજાયો



સંજિવ કુમાર શર્મા - અમદાવાદની treewalk NGO નાં સંસ્થાપક, અર્બન પ્લાનર અને આર્કિટેક્ટ શ્રી લોકેન્દ્રભાઈ બાલાસરિયા દ્વારા વરસાદી પાણી વડે હયાત બોર રીચાર્જ કરવા અને સાથે સાથે ઘરે વરસાદી પાણીનાં સંગ્રહથી પીવાનું પાણી સરળ રીતે આખા વર્ષ દરમિયાન ચાલે તેટલું કેવું રીતે એકઠું થઈ શકે એ વિશે સમજ આપી. કાર્યક્રમની સંકલ્પનાં કારોબારી ચેરમેનશ્રી જિનલ પટેલની હતી જે હિંમતનગર નગરપાલિકામાં મહત્તમ રેઈન વોટર હાર્વેસ્ટીંગ માટે કટિબધ્ધ છે. ઉપરાંત ભારત વિકાસ પરિષદ, સેક્રેટરીશ્રી પરિન શાહના માઈક્રો મેનેજમેન્ટ અને પરિષદનાં અન્ય સભ્યો જિગ્નેશભાઈ, અતુલભાઈ સોની, અલ્પેશભાઈ સોની, ધવલભાઈ પ્રજાપતિ, જીતુભાઈ સોની, આકાશ શાહ, અંકુર સોની, અરૂણાબેન કડીયા, અર્ચનાબેન કડીયા ના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો. કાર્યક્રમમાં માનનીય ધારાસભ્યશ્રી વિ.ડી. ઝાલા, નાણાપંચ સભ્યશ્રી જે.ડી.પટેલ, જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ સવજીભાઈ ભાટી, વોટરવર્ક્સ ચેરમેન રાજુભાઇ શર્મા, ગોપાલસિંહ રાઠોડ, અનિરુધ્ધભાઈ સોરઠીયા, યતીનબેન મોદી, જિગ્નેશભાઈ પટેલ, શહેર પ્રમુખ કુલદિપભાઈ પાઠક, વાસુદેવભાઈ રાવલ વિકાસ પરિષદ પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલ, ડો.મુકેશ મોદી, APMC ચેરમેન જયેશભાઇ પટેલ સાથે હિંમતનગરના બિલ્ડર એસોસિએશન, આર્કિટેક્ટ એસોસિએશન સભ્યો અને હિંમતનગરના જાગૃત નાગરિકોએ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું.હતું.

-અખંડ ભારત

# પિયજમાં વિદાય સમારંભ યોજાયો



રમેશજી ઠાકોર - આજ રોજ પિયજ ગામે જેમને ૨૮ વર્ષ સુધી ગામની પ્રાથમિક શાળામાં સેવા આપનાર શિક્ષક શ્રી સુરેખાબેન બબલદાસ પટેલ જેઓ આજે રિટાયર્ડ થતાં તેમના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ગામના સરપંચ ,સ્થાનિક આગેવાનો,ગ્રામનજો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદાય લઈ રહેલ શિક્ષિકાબેનની ફરજ દરમ્યાનની કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.- અખંડ ભારત

# સાઠંબા હાઈસ્કુલમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ત્રિલોક પંડ્યા -સાઠંબા ગ્રુપ કેળવણી મંડળ સંચાલિત સાઠંબા હાઈસ્કુલમાં વર્ષ ૧૯૭૫ એસએસસી બેચના ભુતપુર્વ વિદ્યાર્થીઓનો ગોલ્ડન જ્યુબિલી કાર્યક્રમ સાઠંબા હાઈસ્કુલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વર્ષ ૧૯૭૫ માં સાથે અભ્યાસ કરતા ભુતપુર્વ વિદ્યાર્થીઓએ પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહી તેમના શૈશવકાળના સંસ્મણોની યાદ તાજી કરી હતી.

પોતાના જીવનનો અડધો દાયકો વટાવી ચુકેલા અને ગુજરાતના અલગ અલગ શહેરોમાં વસતા વર્ષ ૧૯૭૫ ની એસએસસી બેચમાં સાથે ભણતા ભુતપુર્વ વિદ્યાર્થીઓએ ઘણા વર્ષો બાદ એકબીજાના પરિવાર સાથે પરિચય કરી આનંદિત થઈ ગયા હતા.

એસએસસી બેચ વર્ષ ૧૯૭૫ ના આ ભુતપુર્વ વિદ્યાર્થીઓએ તેમના સમયે શિક્ષણ આપી ચુકેલા ગુરૂજનને આમંત્રિત કરી તેમનું પણ સન્માન કર્યું હતું.

એસએસસી બેચ ૧૯૭૫ ના ભુતપુર્વ વિદ્યાર્થીઓએ તેમની યાદગીરી રૂપે સાઠંબા હાઈસ્કુલના સિલીગ ફેન નંગ - ૧૬ અને રોકડ રકમ રૂ. ૩૧,૦૦૦/-યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે હાજર તમામ વિદ્યાર્થીઓને એસએસસી બેચ ૧૯૭૫ ના ભુતપુર્વ વિદ્યાર્થીઓ તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે શાળા પરિવારનો આભાર માની ફરી મળવાનો વાયદો કરી સૌ મિત્રો છૂટા પડ્યા હતા.-અખંડ ભારત

# સાઠંબા સરપંચનું સન્માન કરાયું



ત્રિલોક પંડ્યા - ૩૨ ગ્રામ પંચાલ ચોખડા જ્ઞાતિ મંડળ દ્વારા મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વરધરી ગામે ખોડીયાર મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાઠંબા ગામના સરપંચ ધ્રુવકુમાર પરેશભાઈ પંચાલનું સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ધ્રુવકુમાર પંચાલે જણાવ્યું હતું કે સમાજના ગરીબ અને નાનામાં નાના વ્યક્તિનું પણ તેની ટેલેન્ટના આધારે સન્માન થવું જોઈએ જેના કારણે તે વ્યક્તિમાં મનોબળ વધે અને તે સમાજ માટે વધુમાં વધુ કામ કરવાની ભાવના કેળવી શકશે.આ કાર્યક્રમમાં ૩૨ ગ્રામ પંચાલ સમાજના અગ્રણીઓ ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.-અખંડ ભારત

# મિયાણી નજીક ટ્રકની ગુલાંટ



દિનેશ હંસલપરા - મોરબી જિલ્લા ના મિયાણી ગામ નજીક મીઠુ ભરેલી ટ્રક પલટી ખાઈ જતાં હાઈવે ઉપરના જાહેર પરિવહને અસર પહોચી હતી.સદનસીબે કોઈ જાનહાની નહી થતાં રાહદારીઓ રાહત અનુભવી હતી.-અખંડ ભારત

# ગાયત્રી વિદ્યા મંદિરમાં પ્રવેશોત્સવ યોજાયો

તલોદ ગામની શ્રી ગાયત્રી વિદ્યા મંદિર શાળામાં ગુજરાત સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.જેના મુખ્ય મહેમાન તરીકે પદાધિકારી શ્રી સિશુપાલ રાજપૂત,મદદનીશ શિક્ષક એમ.ટી ઝાલા,ડીઓ આશાબેન,સીઆરસી શાળાના ટ્રસ્ટી ઘેમરભાઈ પટેલ શાળાના આચાર્ય ગિરીશભાઈ પટેલ તથા સમગ્ર સ્ટાફ અને વાલી મંડળના તમામ સભ્યો ગ્રામજનો ઉપસ્થિત રહી શાળા પ્રવેશોત્સવને સફળ બનાવ્યો હતો.તથા શાળાના ટ્રસ્ટી દ્વારા તેજસ્વી તારલાઓનું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# આદર્શ વિદ્યાલય, વિસનગર ખાતે મોટીવેશન કાર્યક્રમ યોજાયો



મહેશ ચૌધરી - શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય, વિસનગર ખાતે તા.-૨૮/૬/૨૦૨૫ ના રોજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના સભામાં મોટીવેશન કાર્યક્રમ યોજાઈ ગયો.મોટીવેશનલ વક્તા તરીકે પધારે શ્રી બી.એસ.ચૌધરી જેઓ નિવૃત્ત અધ્યાપક તથા નિવૃત્ત અધિકારી, ઈન્ડિયન એરફોર્સ અને અંગ્રેજી, સંસ્કૃત, ફિલોસોફી વગેરે વિષયોમાં અનુસ્નાતક પદવી ધરાવનાર એવા તજજ્ઞશ્રીને કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે.ચૌધરી અને આચાર્યશ્રી દિનેશભાઈ ચૌધરીએ શાલ અને પુસ્તક અર્પણ કરી સન્માનિત કર્યા હતા.પધારેલ મહાનુભાવે પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને મગજની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા, મનોવિજ્ઞાન, ફિલોસોફી, હકારાત્મક અભિગમ વગેરે વિષયોમાં રોચક પ્રવચન આપી વિદ્યાર્થીઓને અભિભૂત કર્યા હતા. તથા 'હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસને જીવન સમૃદ્ધિનો મંત્ર' બનાવવા વિદ્યાર્થીઓને પ્રેરણા પણ આપી હતી. વિદ્યાર્થીઓ પણ આ મોટીવેશન કાર્યક્રમથી ઉત્સાહિત થયા હતા.- અખંડ ભારત

# આ દેશ ડૉ. બાબા સાહેબ આંબેડકર એ આપેલ વિશ્વ નુ શ્રેષ્ઠ બંધારણ થી ચાલે છે ના કે કોઈ કોઈની સત્તાથી ચાલે છે



પટેલ સંજયકુમાર - આજરોજ તા. ૩૦/૦૬/૨૦૨૫ ના દિને તાપી જિલ્લાનો છેલ્લો તાલુકો કુકરમુંડા ખાતે અગાઉ તારીખ ૨૧/૬/૨૦૨૫ દિને એક નજીવી બાબતે પવન કુમાર નામનો આદિવાસી સમાજના યુવાનને પોલીસ વિભાગના એક જમાદાર એ પોલીસ સ્ટેશનની બહાર કપાઉન્ડ માં નગ્ન કરીને માર મારવામાં આવ્યો હતો જેના વિરુદ્ધમાં આજે આદિવાસી સમાજ ભેગો થયો હતો

જ્યાં આદિવાસી સમાજને માર મારનાર જમાદાર પર એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે જે બાબતે આજરોજ વાંસદા ચીખલીના ધારાસભ્ય શ્રી આનંદભાઈ પટેલ,સોનગઢ તાલુકા માજી તાલુકા પંચાયત પ્રમુખશ્રી યુસુભ ગામિત સહીત આવેલ સામાજિક અગ્રણીઓ દ્વારા પવન કુમારને સંવિધાનની ભેટ આપી અને એક સંદેશો આપવામાં આવ્યો કે આ દેશ ડૉ. બાબા સાહેબ આંબેડકર એ આપેલ વિશ્વ નુ શ્રેષ્ઠ બંધારણ થી ચાલે છે ના કે કોઈ કોઈની સત્તાથી ચાલે છે ની વાત કરવામાં આવી જ્યાં નિઝર માજી ધારાસભ્ય શ્રી સુનિલ ગામીત, સામાજિક અગ્રણી અજય ગામિત, યુવા કાર્યકર્તા રાહુલ પાડવી,સુમુલ ડેરી ડાયરેક્ટ સિદ્ધાર્થ ચૌધરી, સામાજિક આગેવાન નીતુ ભાઇ,માંડવી ગામના સામાજિક આગેવાન જીમ્મી ગામિત, વ્યારા ના સામાજિક આગેવાન હેબરુન ગામિત,મધુર ગામિત,વીરુ વસાવા,શંકર ગામિત,સહીત મોટી સંખ્યામાં આદિવાસી સમાજ ની હક અને અધિકાર ની લડાઈ લડતા યોદ્ધાઓ હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# ગુજરાતમાં આગામી ૬ દિવસ અતિભારે વરસાદની આગાહી, આજે ૭ જિલ્લામાં રેડ એલર્ટ

ગુજરાતના અનેક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આજે (૩૦ જૂન) ૨૯ તાલુકામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે, ત્યારે ચાલો જાણીએ આગામી ૬ જુલાઈ સુધી કેવો રહેશે વરસાદી માહોલ.હવામાન વિભાગના Nowcast મુજબ, આજે સાંજે ૭ વાગ્યાથી આગામી ત્રણ કલાક એટલે કે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લામા રેડ એલર્ટ જાહેર કર્યું છે.હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે મંગળવારે (૧ જુલાઈ) ૧૫ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે.

# શણગાલ જૂથ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો



મનહરલાલ પંચાલ - રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ ના ત્રણ દિવસ પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉપક્રમે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની શણગાલ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવના મુખ્ય અતિથિ. મનિષાબેન બ્રહ્મભટ્ટ ( સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી) તેમજ અતિથિ વિશેષ જે .એમ. મોઢ (સી.આર.સી કો ) ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય વિઠ્ઠલભાઈ પંચાલ દ્વારા શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી.

નવા પ્રવેશ પામનાર બાલવાટિકા અને આંગણવાડી બાળકોને ડોક્ટર ચેતન શાહ (વિશ્વા ઓર્થોપેડિક હોસ્પિટલ મોડાસા )અને શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલબેગ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું .

જેમાં ગામના સરપંચ, માજી સરપંચ, સહકારી મંડળી, દૂધ ડેરીના અધિકારી, પદાધિકારી, નિવૃત શિક્ષકો,વાલીગણ,ગ્રામજનો તથા સમગ્ર શાળા પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક મુકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું છેલ્લે મુખ્ય અતિથિ, વિશેષ અતિથિ ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરી કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.

# સાઠંબા ગામે દરજી સમાજના યુવાનનું અવસાન થતાં ચક્ષુદાન કરાયું



ત્રિલોક પંડ્યા- અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામે સુરેશભાઈ દરજીના યુવાન પુત્ર ગિરીશભાઈ દરજીનું દુઃખદ અવસાન થતાં પરિવારે ચક્ષુદાન કરવાનો નિર્ણય કર્યો હતો અને વાત્રક ખાતે આવેલ આંખની હોસ્પિટલમાં સ્વ.નાં ચક્ષુઓનું દાન કરી સેવાભાવનાનુ ઉદાહરણ પુરુ પાડ્યુ હતુ.- અખંડ ભારત

# આંત્રોલી દોલજીમાં પ્રવેશોત્સવ યોજાયો




દશરથ ઝાલા - આજ રોજ સાબરકાંઠા ના તલોદ તાલુકાના આંત્રોલી વાસ દોલજી ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો તેમાં અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાંસદ શ્રી શોભના બેન બારૈયા, તલોદ તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ કનકસિંહ ઝાલા, જિલ્લા સદસ્ય રેખાબા ઝાલા, તાલુકા સદસ્ય દિલીપ ભાઈ, સરપંચ શ્રી સોનલ બા પરમાર, તખત સિંહ, પ્રતિનિધિ શ્રી ઓ, અધિકારી શ્રી ઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને વૃક્ષારોપણ પણ કરવા માં આવ્યું હતું.-અખંડ ભારત

# પાચકુહાડા ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો




કલાલ ઈસુબીયા -ધનસુરા તાલુકા ના પાચકુહાડા ગામે શાળા પ્રવેશોત્સવ ઉજવ વામા આવ્યો આ પ્રસંગે SMC ના યુવા સદસય ઈમતિયાઝભાઈ કલાલ તેમજ શાળા પરિવાર તરફથી હીરાપુર ગ્રામ પંચાયતના નવા ચૂંટાયેલા સરપંચ પરમાર બાબુભાઈ રણછોડભાઈ નુ સન્માન કરવામાં આવ્યું અને તિથિ ભોજન આપવામા આવ્યું હતું.-અખંડ ભારત

# RTEના નામે ફક્ત ફોર્મેલિટી સરકારના ખુલાસા કર્યા ગેરવિધાનના આંકડા



રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (ઇ્ઈ) અંતર્ગત ધોરણ ૧માં નિઃશુલ્ક પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા પુરી થઈ ગઈ છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામા આવ્યુ છે કે આ વર્ષે ૯૫ હજાર બાળકોનું નામાંકન થયુ છે. પરંતુ ત્રણ રાઉન્ડના અંતે ૮૮ હજાર જેટલા જ પ્રવેશ કન્ફર્મ થયા છે. જો કે, ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ નવા ૨૨૩૧ બાળકોમાંથી કેટલા બાળકોના પ્રવેશ કન્ફર્મ થયા તે પણ જાહેર કરાયુ નથી. આરટીઈની બેઠકો અને પ્રવેશના આંકડામાં પણ ગોટાળા સામે આવ્યા છે. કારણ કે પ્રક્રિયા શરૂ થવા સમયે ૯૭૪૧ સ્કૂલોની ૯૩૮૬૦ બેઠકો હોવાનું જાહેર કરાયુ હતું, પરંતુ ત્રીજા રાઉન્ડ સમયે ૯૪૭૯૮ બેઠકો હોવાનું જાહેર કરાયુ હતું.કેન્દ્ર સરકારના ૨૦૦૯ના રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૩ અમલ શરૂ કરવા સાથે આઈરટી હેઠળ રાજ્યની ખાનગી સ્કૂલોમાં રાજ્યના બાળકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ છેલ્લા ૧૨ વર્ષમાં આરટીઈ હેઠળ નામાંકન ૪૩૨થી વધીને આ વર્ષે ૯૫ હજાર થયુ છે. એટલે કે પ્રથમ વર્ષ ૪૩૨ બાળકોને પ્રવેશ ફાળવાયો હતો. ચાલુ શૈક્ષણિક વર્ષ માટેની આરટીઈની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રક્રિયા શરૂ થવાથી માંડી દરેક રાઉન્ડ અને અંતિમ તબક્કા સાથે તબક્કાવાર જાહેર કરાયેલી માહિતી મુજબ પ્રક્રિયા શરૂ થઈ છે. ત્યારે રાજ્યની ૯૭૪૧ ખાનગી સ્કૂલોની ૨૫ ટકા બેઠકો મુજબ ૯૩૮૬૦ બેઠકો દર્શાવાઈ હતી. જો કે, ત્રીજા રાઉન્ડ સમયે જાહેર માહિતીમાં ૯૪૭૯૮ બેઠકો જાહેર કરાઈ હતી.

વર્ષ ૨૦૨૫માં રાજ્ય સરકારે આવક મર્યાદા કે જે ૧.૨૦ લાખથી ૧.૫૦ લાખ હતી તેમાં વધારો કરી ૬ લાખ રૂપિયા કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. જેના લીધે ૪૦ હજાર જેટલી અરજીઓ વધી હતી અને આ વર્ષે કુલ ૨૩,૮૯૧૬ ઓનલાઈન અરજી થઈ હતી. જેમાંથી ૧૭,૫૬૮૫ અરજી મંજૂર થઈ હતી. ૧૩,૭૬૧ અરજી રિજેક્ટ થઈ હતી અને ૪૯,૪૭૦ અરજીઓ ડુપ્લિકેટ હોવા સહિતના કારણોને લીધે કેન્સલ થઈ હતી. આમ પ્રવેશ માટે લાયક કુલ ૧૭,૫૬૮૫ બાળકોની અરજી સામે પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૭૪ બાળકોને પ્રવેશ ફાળવાયો હતો. બીજા રાઉન્ડમાં વધુ ૭૦૦૬ બાળકોને અને ત્રીજા રાઉન્ડમાં વધુ ૨૨૩૧ બાળકોને પ્રવેશ ફાળવાયો હતો. આમ ત્રણ રાઉન્ડમાં કુલ ૯૫૫૧૧ બાળકોને પ્રવેશ ફાળવાયો હતો. પસંદગી મુજબની સ્કૂલ ન હોવાથી અનેક વાલીઓએ પ્રવેશ કન્ફર્મ જ ન કર્યા હોઈ બે રાઉન્ડ બાદ કુલ ૮૫,૭૭૪ બેઠકોમાં જ પ્રવેશ કન્ફર્મ થયો હતો. જેના પર ૨૨૩૧ ત્રીજા રાઉન્ડના પ્રવેશ ઉમેરીએ તો પણ ૮૮ હજાર જેટલા જ પ્રવેશ કન્ફર્મ થાય, પરંતુ સરકારે જાહેર કર્યુ છે કે ૯૫૪૯૪ પ્રવેશ ફાળવાયા. સરકારના જણાવ્યાનુસાર, ૯૫ હજાર નામાંકન થયુ, પરંતુ નામાંકન તે જ બાળકોનું થાય કે જેઓનો પ્રવેશ કન્ફર્મ થયો એટલે કે વાલીએ સ્કૂલે રૂબરૂ જઈને પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હોય. ત્રીજા રાઉન્ડની ફાળવણી સમયે સરકારે જ જાહેર કર્યુ હતું કે ૬૯૬૫ બેઠકો ખાલી છે. ત્રીજો રાઉન્ડ પુરો થયા બાદ ખરેખર કેટલા પ્રવેશ થયા અને કેટલી બેઠકો ખાલી છે તે જાહેર જ કરાયુ નથી.અત્યાર સુધી કુલ ૬ લાખથી વધુ બાળકોને ૧૦૫૭ કરોડની સહાય ચુકવાઈ સરકારે જાહેર કરેલી માહિતી મુજબ ૧ આરટીઈ પ્રવેશ અંતર્ગત ગણવેશ-સ્કૂલબેગ સહિતની વસ્તુઓ ખરીદવા માટે પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ ૩ હજારની સહાય ડીબીટી મારફતે ચુકવાય છે. અત્યાર સુધીમાં ૬ લાખથી વધુ વિદ્યાર્થીઓને કુલ ૧૦૫૭ કરોડની સહાય ચુકવવામા આવી છે. જ્યારે સ્કૂલોને ૨૦૨૩થી લઈને ૨૦૨૪ સુધીમાં ૩૭૨૩ કોરડોની ગ્રાન્ટની ચૂકવણી કરવામા આવી છે. જેમાં ૨૬૬૫ કરોડ ફી રીએમ્બર્સ પેટે અને વિદ્યાર્થી સહાય પેટે ૧૦૫૭ કરોડ રૂપિયાની ચુકવણી થઈ છે. વર્ષ ૨૦૨૪માં સૌથી ઓછી બેઠકો માત્ર ૪૫ હજાર જ હતી અને ૪૫ હજારથી પણ ઓછા પ્રવેશ થયા હતા.

# ટ્રાફિક ચાલાનની લિંક મોકલી અને બેન્ક એકાઉન્ટ ખાલી



ઓનલાઈન ચિટિંગ કરતાં ગઠિયાઓ જૂની-નવી પધ્ધતિઓ અપનાવીને સતત સક્રિય રહે જ છે. બે વર્ષ અગાઉ અઢળક લોકોને ટ્રાફિક નિયમ તોડવામાં આવ્યો છે તેવી નોટિસ મોકલીને દંડ ભરવા માટે લિન્ક મોકલવામાં આવતી હતી. છેલ્લા થોડા સમયથી ફરી વખત ટ્રાફિક નિયમભંગ કર્યાની નોટિસ સાથે લિન્ક મોકલાય છે. આ લિન્કથી ટ્રાફિક પોલીસ કે વાહન પરિવહન વિભાગ જેવી જ નકલી વેબસાઈટ કે એપ્લિકેશન ખુલે તેમાં દર્શાવેલી બેન્ક ખાતાં તેને સંલગ્ન વિગતો લખવામાં આવતાં જ બેન્ક ખાતું હેક કરીને પૈસા સેરવી લેવામાં આવતાં હોવાથી ઘટનાઓ બની રહી છે. નિયમ તોડ્યો ન હોય તો પણ ઈ-ચલણ નોટિસ મોકલીને ઠગાઈ કરતાં સાયબર ગઠિયાઓ સામે સતર્કતા માટે યુ.આર.એલ.ને ધ્યાનપૂર્વક સમજવા અને ચકાસવા જરૂરી બન્યાં છે. ઈ-ચલણ સ્કેમ અંતર્ગત પહેલાં તો ટેક્સ્ટ મેસેજ કે ઈ-મેઈલ કરીને તમે ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કર્યું છે અને તમારે દડ ભરવો પડશે તેવી જાણ કરવામાં આવે છે. પોલીસ જેવો લોગો સાથેના આ મેસેજમાં આપેલી લિન્ક ઉપર દંડની રકમ ભરવા માટે તાકીદ કરવામાં આવે છે. આરટીઓ કે ટ્રાફિક પોલીસની ઈ-પરિવહન વેબસાઈટ જેવી જ એપ્લિકેશન હોય તેવી લિન્ક મોકલવામાં આવે છે. આ લિન્ક ઉપર ક્લિક કરતાં જ ઈ-પરિવહન જેવી નકલી એપ્લિકેશન તમારા મોબાઈલ ફોન ઉપર ડાઉનલોડ કરવા જણાવાય છે.

# PGVCLએ સૌરાષ્ટ્રના ૬ જિલ્લામાં ૯ નવાં સબ ડિવિઝન મંજૂર કર્યા




સૌરાષ્ટ્રના ૬ જિલ્લામાં ૯ નવા સબ ડિવિઝન મંજૂર થતા હવે અઢી લાખ ગ્રાહકોને ત્યાં લાઈટ જશે તો ઝડપથી આવી જશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૨ જિલ્લાના ૬૧ લાખ જેટલા ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પાડતા PGVCLની કચેરી હેઠળ હાલ ૪૬ જેટલાં ડિવિઝનમાં ૨૮૧ સબ ડિવિઝન આવેલા છે. અંદાજે પાંચથી છ મહિનામાં રાજકોટ રૂરલમાં ૨, સુરેન્દ્રનગરમાં ૨, જામનગરમાં ૨ ઉપરાંત જૂનાગઢ, ભાવનગર અને પોરબંદરમાં ૧-૧ નવા સબ ડિવિઝન નિર્માણ પામશે. એને લીધે ત્યાંના ગ્રાહકોને ત્યાં લાઈટ જશે તો તેનો વીજ ફોલ્ટ શોધવા અને રિપેરિંગ કરવામાં ૨૦ ટકા ઝડપ આવશે. અહીં ગૂલ થયેલી લાઈટ ઝડપથી આવતા ૨.૫૦ ગ્રાહકોને ફાયદો થશે.નવા સબ ડિવિઝન માટે ઉપરોક્ત ક્રાઈટેરિયામાં ક્રમ નંબર ૧ અથવા ૩, ૨ અથવા ૪ પરિપૂર્ણ થવો જોઈએ. આ સિવાય કોઈ સબ ડિવિઝનમાં ગ્રાહકોની સંખ્યા ૧૫૦ ટકાથી વધી ગઈ હોય, એટલે કે રૂરલમાં ૩૩,૦૦૦ અને અર્બન એટલે કે શહેરી વિસ્તારમાં ૪૫,૦૦૦થી વધુ ગ્રાહકો થઈ ગયા હોય તો ત્યાં નવું સબ ડિવિઝન બનાવવામાં આવે છે.રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના ૬૧ લાખ ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પડતા PGVCL દ્વારા વરસાદી સિઝનમાં પવન અને વીજળી પડવાને કારણે સર્જાતાં વીજ ફોલ્ટનું એવરેજ ૬૦ મિનિટમાં નિવારણ લાવવાની તૈયારી કરવામાં આવી છે. ૨, ૪ અને ૬ કલાકથી વધુ સમય કોઈ જગ્યાએ લાઈટ જાય તો એનું કોર્પોરેટ ઓફિસથી મોનિટરિંગ કરાશે. હાલ ચોમાસાને ધ્યાનમાં રાખી ૧૨ જિલ્લાનાં રાજકોટ સિટી અને રૂરલ, મોરબી, પોરબંદર, જામનગર, ભુજ, અંજાર, જૂનાગઢ, ભાવનગર, બોટાદ, અમરેલી અને સુરેન્દ્રનગર એમ ૧૨ સર્કલમાં ૪૬ ડિવિઝનના ૨૭૬ સબ ડિવિઝનમાં કસ્ટમર કેર અને ફોલ્ટ સેન્ટર શરૂ કરી દેવામાં આવ્યા છે, જેમાં દરેક સબ ડિવિઝનના લેન્ડલાઈન અને મોબાઈલ નંબર જાહેર કરાયા છે, જ્યાં ૨૫૦૦ કર્મચારીની ટીમ ૮૪૦ વાન સાથે વીજ ફોલ્ટ રિપેર કરવા તહેનાત રહેશે.

# પાકિસ્તાન પર પહેલે હુમલાનો આદેશ નહોતોઃ નેવી અધિકારી



ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસના લશ્કરી અધિકારી કેપ્ટન શિવ કુમાર (ડિફેન્સ એટેચી)ના એક નિવેદને વિવાદ ઊભો કર્યો છે. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂરના શરૂઆતના તબક્કામાં, ભારતીય વાયુસેનાને પાકિસ્તાની લશ્કરી સ્થાનો પર હુમલો કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. તેમને ફક્ત આતંકવાદી માળખાને નિશાન બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ કારણે ભારતે કેટલાક ફાઈટર વિમાનો ગુમાવ્યા. કેપ્ટન શિવકુમાર ૧૦ જૂનના રોજ જકાર્તાની એક યુનિવર્સિટીમાં 'ભારત-પાકિસ્તાન હવાઈ યુદ્ધ અને ઈન્ડોનેશિયાની વ્યૂહાત્મક વ્યૂહરચના' વિષય પર આયોજિત સેમિનારમાં બોલી રહ્યા હતા. કેપ્ટન કુમારે પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે, ઓપરેશનના શરૂઆતના તબક્કામાં, 'રાજકીય નેતૃત્વ' દ્વારા આપવામાં આવેલી સૂચનાઓને કારણે ભારતીય વાયુસેના પાકિસ્તાની લશ્કરી સ્થાનો પર હુમલો કરી શકી નહી. અમે કેટલાક વિમાન ગુમાવ્યા. રાજકીય નેતૃત્વ તરફથી લશ્કરી સ્થાનો અથવા તેમની હવાઈ સંરક્ષણ પ્રણાલી પર હુમલો ન કરવાની સૂચના આપવામાં આવી હતી.

તેમણે આગળ કહ્યું, 'પરંતુ નુકસાન પછી, વ્યૂહરચના બદલાઈ ગઈ અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. પહેલા, દુશ્મનની હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ કરવામાં આવ્યો અને એ પછી જ સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો અને બ્રહ્મોસ જેવી સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલોનો ઉપયોગ કરીને આપણા હુમલાઓ સફળ થઈ શક્યા.' અગાઉ, સીડીએસ જનરલ અનિલ ચૌહાણે એક મુલાકાતમાં કેટલાક વિમાન ગુમાવવાની વાત સ્વીકારી હતી.

ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસે કહ્યું- 'ડિફેન્સ એટેચીના નિવેદનને સંદર્ભની બહાર ટાંકવામાં આવી રહ્યું છે. તેમના પ્રેઝન્ટેશનનો હેતુ અને મૂળ હેતુ ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો છે. પ્રેઝન્ટેશનમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય સેના રાજકીય નેતૃત્વ હેઠળ કામ કરે છે, જે આપણા પડોશના કેટલાક દેશોથી અલગ છે. ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય આતંકવાદી માળખાને નિશાન બનાવવાનો હતો. ભારતનો પ્રતિભાવ ઉશ્કેરણીજનક ન હતો.

# પડુસ્મા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



સુનિલ પટેલ -માણસા તાલુકાની પડુસ્મા ગામની મહંતશ્રી શત્રુહનદાસજી વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ યોજવામાં આવ્યો હતો. જેમાં સંયુક્ત ઉપક્રમે પડુસ્મા આંગણવાડી , પડુસ્મા અભિનવ પ્રાથમિક શાળા , ગોવિંદપુરા પ્રાથમિક શાળા , હિમતપુરા આંગણવાડી અને પ્રાથમિક શાળા તથા પડુસ્મા હાઈસ્કૂલના બાળકોને મેડિકલ ઓફિસર ડો. ધર્મેશભાઈ પરીખ , અન્ય અધિકારીશ્રી તથા આમંત્રિત મહેમાન અને દાતાશ્રીઓ દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપકશ્રી નાથાભાઈ પટેલ, કિરીટભાઇ પટેલ , જિલ્લા સદસ્યશ્રી , તાલુકા સદસ્યશ્રી , હાઈસ્કૂલના પ્રમુખ , મંત્રીશ્રી , સભ્યો હાજર રહ્યા હતા. શાળાના બાળકો દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ફૂલછડીથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં CET , ખેલ મહાકુંભ અને ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તથા SAT પરીક્ષામાં ઉતીર્ણ ધોરણ ૧ થી ૧૦ સુધીના પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિધાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા . આ કાર્યક્રમમાં હાઈસ્કૂલના આચાર્ય શ્રી ગીરીશભાઈ પટેલ અને પડુસ્મા અભિનવ પ્રાથમિક શાળાના આચાર્ય સતિષભાઈ પટેલ દ્વારા આવેલા તમામ મહેમાનો તથા અધિકારીઓ તથા દાતાશ્રીઓનું સાલ અને મોમેન્ટોથી સન્માન કર્યું હતું.-અખંડ ભારત

# હાઉસફુલ ૫ ના ડિરેક્ટર તરુણ મનસુખાનીએ કાસ્ટિંગ, શૂટિંગ અને મોજમસ્તીની આફ્તાબભરી યાદો શેર કરી હતી



હાઉસફુલ ફ્રેન્ચાઇઝની ફિલ્મ 'હાઉસફુલ-૫'ને દર્શકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે. પડદા પર આટલી મોટી સ્ટારકાસ્ટ, કોમેડી અને હત્યાના રહસ્યના ડોઝ પાછળ પ્રોડ્યૂસર સાજિદ નડિયાદવાલા અને ડિરેક્ટર તરુણ મનસુખાની છે. તરુણ લાંબા સમય પછી ડિરેક્શનમાં આવ્યા છે અને દર્શકોને એક પારિવારિક મનોરંજક ફિલ્મ આપી છે. તરુણે 'હાઉસફુલ-૫' મળવાથી લઈને તેના નિર્માણ સુધીનો પોતાનો અનુભવ દિવ્ય ભાસ્કર સાથે શેર કર્યો છે.કોવિડ પુરો થઈ ગયા પછી એક દિવસ મને નડિયાદવાલા ગ્રેન્ડસનના સીઈઓ દીપ્તિ જિંદલનો ફોન આવ્યો. તેણીએ કહ્યું કે, તે મને મળવા માંગે છે. અમે કોફી પર મળ્યા, ત્યાં તેણીએ કહ્યું કે, અમે ઇચ્છીએ છીએ કે તમે 'હાઉસફુલ-૫'નું ડિરેક્શન કરો. મને થોડો આઘાત લાગ્યો. અચાનક મને આટલી મોટી ફ્રેન્ચાઇઝ ઓફર કરવામાં આવી રહી છે. મેં તેણીને પૂછ્યું કે શું તમને ખાતરી છે? તેણીએ કહ્યું હા. તમે ઓફિસમાં આવીને સાજિદ સરને મળો. હું સાજિદને મળવા ગયો, ત્યાં તેણે મને કહ્યું કે તમે આ ફિલ્મને કઈ રીતે જુઓ છો, તે બે પાનામાં લખીને આપો.હું ઘરે ગયો અને ફક્ત ત્રણ-ચાર કલાકમાં બે પાના લખીને તેને મોકલી દીધા. તેણે મેઈલ વાંચ્યો અને અમે બીજા દિવસે ફરી મળ્યા. સાજિદે મને કહ્યું કે, આપણે એક જ દિશામાં વિચારી રહ્યા છીએ. ચાલો સાથે કામ કરીએ. મેં મારા જીવનમાં ક્યારેય વિચાર્યું ન હતું કે મને આટલી મોટી ફ્રેન્ચાઇઝ મળશે. મને આટલી મોટી કાસ્ટ અને સપોર્ટિવ પ્રોડ્યૂસર મળશે. તેમના ૫૭મા જન્મદિવસ પર તેમણે મને ભારતની સૌથી મોટી કોમેડી ફ્રેન્ચાઇઝીની જવાબદારી સોંપી. આ પહેલી ફ્રેન્ચાઇઝી છે, જેની પાંચમી ફિલ્મ રિલીઝ થઈ છે.આ આખો વિચાર સાજિદ સરનો હતો. તેમની પાસે પહેલેથી જ આ આખી વાર્તા હતી કે, ફિલ્મમાં ત્રણ જોલી છે, તેઓ આવે છે અને પછી એક હત્યા થાય છે. મેં ફિલ્મ સાઈન કર્યા પછી તેમણે મને બેસાડી અને કહ્યું કે, આ ફિલ્મમાં બે ક્લાઈમેક્સ હશે. જે તેમણે ૩૦ વર્ષ પહેલાં વિચારી રાખ્યું હતું. મને તેમનો ક્લાઈમેક્સનો વિચાર માઈન્ડ બ્લોઈંગ લાગ્યો. કોમેડી-મર્ડર મિસ્ટ્રીના કારણે હું પહેલેથી જ ઉત્સાહિત હતો. મારે બે અલગ અલગ શૈલીઓનું સંયોજન કરીને ફિલ્મ બનાવાની હતી. મેં ક્યારેય મર્ડર મિસ્ટ્રી પર કામ કર્યું નથી, તેથી મારી પાસે કોઈ માહિતી નહોતી. હું આખી પ્રક્રિયા વિશે વિચારીને ખૂબ જ ઉત્સાહિત હતો.

શરૂઆતમાં વાર્તામાં ફક્ત ૬ લોકો હતા, જે ફ્રેન્ચાઇઝની પાછલી ફિલ્મોમાં પણ હતા. ફિલ્મ લખતા લખતા ધીમે ધીમે બાકીના પાત્રો ઉમેરવામાં આવ્યા. જ્યારે બોર્ડ ઓફ ડિરેક્ટરની ભૂમિકાની વાત આવી, ત્યારે સરે ફરદીનનું નામ સૂચવ્યું. મેં આ નામ વિશે વિચાર્યું પણ નહોતું. તેવી જ રીતે, તેમણે બેબીની ભૂમિકા માટે ડીનો મોરિયાનું નામ સૂચવ્યું. તે બંને ખૂબ સારા હતા. જ્યારે બાબા-બીડુની ભૂમિકાઓ લખાઈ, ત્યારે મને આશ્ચર્ય થયું કે હવે તે કોણ ભજવશે. સરે કહ્યું કે ચાલો સંજય અને જેકીને લઈએ. આ સાંભળીને મારી પહેલી પ્રતિક્રિયા એ હતી કે, આપણે આટલું મોટું વિચારી રહ્યા છીએ!

# SG હાઈવે બનશે શહેરનો પહેલો સિગ્નલ ફ્રી માર્ગઃ ગાંધીનગરના ચ-૦ સર્કલથી સનાથલ સુધી એકપણ સિગ્નલ નહીં હોય



ગાંધીનગરના ચ-૦ સર્કલથી સનાથલ સુધીના ૩૪ કિલોમીટરના સરખેજ-ગાંધીનગર હાઈવે પર એક પણ સિગ્નલ નહી હોય. એસજી હાઈવે રાજ્યનો પહેલો સિગ્નલ ફ્રી હાઈવે બનશે, જે બે શહેરને જોડશે.

ગાંધીનગરથી સૌરાષ્ટ્ર તરફ જતા લોકો ગાંધીનગરથી નીકળ્યા બાદ સીધા સનાથલ સુધી નોન સ્ટોપ પહોંચી શકશે. અંદાજ મુજબ સમગ્ર પ્રોજેક્ટમાં માત્ર બ્રિજ તૈયાર કરવામાં જ ૮૫૦ કરોડનો ખર્ચ થશે. સમગ્ર રૂટ તૈયાર થયા બાદ લોકોને ઇંધણની સાથે સમયનો પણ બચાવ થશે.અત્યાર સુધી વિવિધ જંક્શનોને બાયપાસ કરતા ૧૩ ફ્લાઈઓવર બની ચૂક્યા છે. જ્યારે કર્ણાવતી ક્લબ, પ્રહ્લાદ નગર, વાયએમસીએને જોડતો એલિવેટેડ કોરિડોર તૈયાર કરાશે, જેનું કામ હાલમાં ચાલી રહ્યું છે. આ ઉપરાંત નર્મદા કેનાલને ક્રોસ કરતા રોડને પહોળો કરીને ૪ માર્ગીય તૈયાર કરાશે.

આ ઉપરાંત આ હાઈવેને આગળ પણ સિગ્નલ ફ્રી કરવા ચિલોડા પાસે સાબરમતી બ્રિજ પર ફોર લેન રોડ તૈયાર કરાશે. આવનારા સમયમાં સનાથળ પર તૈયાર થનારા કેબલ બ્રિજને કારણે સનાથળ બ્રિજ પર પણ ઊભા રહેવાની જરૂર રહેશે નહીં. હાલના લેકાવાડાથી ઉજાલા સુધીના રોડને ૧૯૭૮માં નેશનલ હાઈવે ૮સી તરીકે જાહેર કરાયો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૧૦માં આ રોડને નેશનલ હાઈવે ૧૪૭ તરીકેની માન્યતા આપવામાં આવી હતી. ટ્રાફિક ફ્રી કરવા હાઈવે પર કુલ ૨૬ સિગ્નલ પર ફ્લાયઓવર હશે મ લેકાવાડા, ઍરફોર્સ સ્ટેશન, સરકિટ હાઉસ, ઈફ્કો, સરગાસણ, ઉવારસદ, અડાલજ, ખોડિયાર કન્ટેનર યાર્ડ, વૈષ્ણવદેવી, ગોતા ચાર રસ્તા, ભાગવત વિદ્યાપીઠ, સોલા સિવિલ, કારગિલ પેટ્રોલ પંપ, જનતા નગર ચાર રસ્તા, ઝાયડસ ચાર રસ્તા, થલતેજ ચાર રસ્તા, ગુરુદ્વારા સર્કલ, પકવાન જંક્શન, ઈસ્કોન, કર્ણાવતી ચાર રસ્તા, પ્રહલાદનગર ચાર રસ્તા, વાયએમસીએ ચાર રસ્તા, સાણંદ ચોકડી, ઉજાલા ચોકડી.

આ તબક્કામાં તૈયાર થયો સરખેજ-ગાંધીનગર હાઈવે મ ૨૦૦૭-૦૮માં અડાલજનો બ્રિજ તૈયાર કરાયો. ૨૦૦૯માં ઈસ્કોન સર્કલ પર બ્રિજ તૈયાર કરાયો, ૨૦૧૨માં ગોતા ચાર રસ્તા પર અને ૨૦૧૪માં થલતેજ-ગુરુદ્વારાનો અંડર પાસ બન્યો. ૨૦૧૮થી ૨૩ દરમિયાન ૧૩ ફ્લાયઓવર તૈયાર કરાયા, જેમાં સરગાસણ, વૈષ્ણવદેવી, ગોતા-થલતેજ હતા. હાલમાં કર્ણાવતી ક્લબથી વાયએમસીએ બને છે.

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697